ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજ્યુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## માણસની શકિત

સમયના પટ ઉપર પોતાના નામની મહોર મૂકી જનાર કેટલીક મહાન વ્યકિતઓનાં જીવન વિશે વિચાર કરીએ તો એમાં બે વસ્તુ જોવા મળે છે. એક તો, કયાં જવું હોય છે એની તેમને ખબર હોય છે અને બીજું, ત્યાં પહોંચવા માટે બધું જ છોડીને સતત ચાલતા રહેવાની ક્રિયા તેમણે અપનાવી હોય છે. સામાન્ય લાગતી આ બંને બાબતો સફળતા કે નિષ્ફળતા માટે પાયાનું સ્થાન ધરાવે છે.

માણસની સફળતાનો આધાર માત્ર તેની શકિતઓ ઉપર નથી. કેટલાક માણસોમાં બીજા માણસો કરતાં શકિતઓ વધારે હોય છે, પરંતુ ઉપરની બંને બાબતોમાં તેમનું વલણ ગૂંચવાડા ભરેલું હોય છે. દિવસ ઊગે એટલે તરત જ તેઓ આથડવાનું શરૂ કરી દે છે અને રાત પડે એટલે થાકીને સૂઇ જાય છે. જીવનભર તેમનો આ ક્રમ ચાલ્યા કરે છે. ધંધો કરે છે, કારખાનાં ચલાવે છે, પૈસા બનાવે છે, રાજકારણ ખેલે છે, પણ પોતે કયાં અને શા માટે જઇ રહ્યો છે એની સમજ એને હોતી નથી. ઘેટાના ટોળામાં રહેલ દરેક ઘેટું ચાલ્યા કરે છે તેમ તેઓ પણ માણસોના ટોળામાં રહીને જીવવાના માર્ગ ઉપર ભટકયા કરે છે. કેટલાકને જીવનની સંધ્યા ટાણે પોતાની નિરર્થક રઝળપાટની સમજ આવે છે તો કેટલાકને કયારેય એવી સમજ આવતી નથી.

મોહમ્મદ માંકડ

સફર ૧૪૪૭ | ઓગષ્ટ - ૨૦૨૫ | તંત્રી: મસ્ત મંગેરા

www.ssvmes.org www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com vohrasamachar@yahoo.com

## આપણા સમાજનું ગૌરવ

### M.B.B.S. થયા



આપણી સોસાયટીના મેનેજીંગ કમિટીના સભ્ય **જ. યાકુબ ગુ.મહમદ રાવત સા., અંકલેશ્વર** ના પૌત્ર **સાદાબ સાજીદ રાવત** એ ગુજરાત યુનિવર્સીટી, દ્વારા લેવાયેલ M.B.B.S. ની પરીક્ષા N.H.L.MUNICIPAL MEDICAL COLLEGE, AHMEDABAD માંથી પાસ કરી ડૉક્ટરની પદવી મેળવી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

### B.E. થયા



આપણી સોસાયટીના સ્કોલર ચીચપાડા ગામના વતની **કાસીમ ઇસ્માઇલ છોટા** એ સવીતાબાઇ ફુલે પુણે યુનિવર્સીટી દ્વારા લેવાયેલ B.E. (Information Technology) ની પરીક્ષા પાર્વતીબાઇ જી.એમ. એન્જીનીયરીંગ કોલેજ, પુણેમાંથી ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

### B.Sc. થયા



આપણી સોસાયટીના સ્કોલર **કોસાડી** ગામના વતની **ફહીમા ઇસ્માઇલ જીભાઇ** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ B.Sc. ની પરીક્ષા ગર્વમેન્ટ સાયન્સ કોલેજ, વાંકલ માંથી ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

### B.Sc. થયા



આપણી સોસાયટીના સ્કોલર **કોસાડી** ગામના વતની **ફાએઝા ઇસ્માઇલ જીભાઇ** એ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સીટી, સુરત દ્વારા લેવાયેલ B.Sc. ની પરીક્ષા ગર્વમેન્ટ સાયન્સ કોલેજ, વાંકલ માંથી ફર્સ્ટ કલાસ ડીસ્ટીંકશન સાથે પાસ કરી ગામ તેમજ આપણા સમાજનું નામ રોશન કર્યુ છે. **તે બદલ મુબારકબાદ.**

## રમઝાન - ૨૦૨૫ માં ગામેગામથી સોસાયટીને મળેલી મદદ

**ચાલુ વર્ષે રમઝાનુલ મુબારક માસમાં જે ગામોના પ્રતિનિધી / કાર્યકર્તા સાહેબો મારફતે ગામ લોકોનો ફાળો સોસાયટીમાં જમાં થયો છે.જેની વહોરા સમાચારમાં નોંધ લેતા ખુશી થાય છે.અલ્લાહતઆલા મદદ આપનાર તથા અપાવનાર સર્વે નામી-અનામી સાહેબોની ખૈરાતો અને ખિદમાતોને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બન્ને જહાનમાં અતા ફરમાવે.આમીન.**

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| | **ઉત્તર વિભાગ** | |
| ૪૩૬૫૦ | જ. હાસીમ ઐયુબ હાંસલોદ સા. | ઘોડાદરા |
| | **મધ્ય વિભાગ** | |
| ૫૧૩૦૦ | જ. એડ. ઇમરાન અ.હક વાડીવાલા સા. | બારડોલી |

| રકમ | નામ | ગામ |
|---|---|---|
| | **દક્ષિણ વિભાગ** | |
| ૫૦૭૦ | જ. ઉસામાહ અહમદ રાવત સા. | બારોલ્યા |
| ૪૩૫૦ | જ. મૌ. ઇમરાન યુસુફ ભામજી સા. | ખેરગામ |

- **મોહતરમા રૂબીના યુનુસ બના સા. તડકેશ્વર** તરફથી રૂા.૧,૦૦,૦૦૦/- સોસાયટીના **ઝકાતફંડ**માં મળ્યા છે.
- **મસ્જીદે ઉમર ટ્રસ્ટ, લંડન - યુ.કે.** તરફથી **૬૦૦ પાઉન્ડ** સોસાયટીના વિવિધફંડમાં **જ. અહમદ ઇસ્માઇલ વાવડા સા.** હસ્તે મળ્યા છે
- **જ. શબ્બીરભાઇ તુરાવા સા. કેનેડા** તરફથી **૫૦૦ કેનેડીયન ડોલર** BCA કોલેજના બાંધકામ માટે **જ. યુસુફભાઇ મોતાલા સા.** હસ્તે મળ્યા છે.
- **કે.પી. હ્યુમન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન સુરત** તરફથી રૂા.૩૦,૦૦૦/- સોસાયટીના **સદકાફંડ**માં મળ્યા છે.

**અલ્લાહ તઆલા આપની આ ખૈરાતને કબૂલ ફરમાવી એનો બહેતરીન બદલો બંન્ને જહાંનમાં અતા ફરમાવે. આમીન.**

## વહોરા સમાચાર

■ **હદીષ**

ગુનાહ કા મૌકા ના મિલના ભી અલ્લાહ કી નેઅમતો મેં સે એક નેઅમત હૈ !

■ **સુવિચાર**

● સમય પણ સમય પર આપવો જરૂરી છે... સમય જતા રહયા પછી સમય આપવાનો કોઇ મતલબ નથી...

● રોજ મોજથી જીવો...
આ 'જીવન' છે, 'આજીવન' નથી...

**અંક : ૦૮**

**માસ : ઓગષ્ટ - ૨૦૨૫**

**માહે : સફર ૧૪૪૭**

**તંત્રી : મસ્ત મંગેરા**

■ **માણસની મોટી તકલીફ**

માણસની મોટી તકલીફ એ છે કે એને
તરત જોઇએ છે
સરસ જોઇએ છે
મફત જોઇએ છે
પણ યાદ રાખજો કે...
તરત + સરસ = મફત નઇ મળી
તરત + મફત = સરસ નઇ મળી
સરસ + મફત = તરત નઇ મળી

■ **તંત્રી સ્થાનેથી...!**

નદી નથી વહેતી પણ પાણી વહે છે. એ જ રીતે 'સમય' પસાર નથી થતો, પણ આપણે પસાર થઇ જઇએ છીએ. સમયની નદીના પ્રવાહમાં માણસનું બચપણ, યુવાની, અરે ઘડપણ પણ વહી જાય છે. જીવનને સરી જતું અટકાવવા, એને વેડફાઇ જતું અટકાવવા માણસે પૈસા કરતાં પણ સમયની કાળજી વધારે લેવી જોઇએ. પૈસા બીજીવાર મેળવી શકાય છે, પણ સમય બીજીવાર મેળવી શકાતો નથી. બીજી અગત્યની વાત એ છે કે પૈસા વાપરવાના બદલે તમે એને સાચવી શકો છો, પણ સમયને તમે સાચવી શકતા નથી એ તો વહેતો જ રહે છે, એને સંઘરવાની કોઇ કલા કે વિજ્ઞાન આપણે જાણતા નથી.

અને એટલે જ, આજે જેની પાસે બાળપણ કે યુવાની છે એ ચાલ્યા જવાના છે. કાયમ તે એમની પાસે રહેવાનાં નથી અને એ ચાલ્યું જાય છે પછી જ માણસને એની ખબર પડે છે. આજે જે યુવાન છે, પ્રૌઢ છે કે વૃદ્ધ એ છતાં કામ કરી શકે એવી સ્થિતિમાં છે, પણ કાલે એ સ્થિતિમાં ઓટ આવવાની છે. યુવાન હશે એ પ્રૌઢ બનશે, પ્રૌઢ હશે એ વૃદ્ધ બનશે અને વૃદ્ધ હશે એ વધુ આજાર બનશે. આજે જે કામ કરી શકે છે એ કાલે કદાચ એવી રીતે નહી કરી શકે. એટલે 'આજ' નો ઉપયોગ સારામાં સારી રીતે કરી લેવો જોઇએ. આજનો દિવસ ગઇ કાલ બની જાય એ પહેલાં જ એનો ઉપયોગ કરી લેવો જોઇએ.

▪ **મસ્ત મંગેરા (કાંગવઈ)**

**E-mail : mastamangerakangwai@yahoo.com**
**Mob : 9426771991**

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

## નેકી, તારાં નવલખ રૂપ

- મુસાજી દીપક બારડોલીકર

### સર્વોત્તમ પાણી - ઝમઝમ

પાણી એ અલ્લાહ-તઆલાની એક એવી બક્ષિસ છે, જે પ્રત્યેક જીવધારીને જીવવા માટેનું અને શકિત મેળવવા માટેનું મુખ્ય સાધન છે. કલામે પાકમાં અલ્લાહનો ઇર્શાદ છેઃ અમે પ્રત્યેક સજીવ વસ્તુનું સર્જન પાણીથી કર્યું છે. (૩૦) અલ-અંબિયા-૨૧

એક પાણી તે છે, જે જમીનમાંથી નીકળે છે, જે ખારું યા મીઠું પણ હોય છે અને એક પાણી આકાશથી વરસે છે ને એક પાણી કૌસરનું, જે જન્નતુલ ફિરદૌસમાં હશે અને જે નબી કરીમ (સ.અ.વ.) ના અંકુશમાં હશે.

આપણે અહીં જે પાણી વિશે વાત કરવી છે તે છે જન્નતમાંથી ઊતરી આવેલું પાણી. ઝમઝમ તરીકે ઓળખાતું એ પવિત્ર પાણી પૃથ્વી પરના સર્વ પાણીથી શ્રેષ્ઠ છે. સૈયદના અબ્દુલ્લાહ બિન અબ્બાસે (રદિ.) ફરમાવ્યું છે કેઃ આ ઝમઝમ જન્નતનાં ઝરણાંઓ પૈકી એક ઝરણ છે.

ઝમઝમ, જળની પુષ્કળતાને કહે છે અને ઝમઝમનો એક બીજો અર્થ આ પણ છે કે વહેતા પાણીને અહીંતહીં ફેલાઇ જતું રોકવા માટે પાળ બાંધવી. કેટલાક વિદ્વાનો જમીનમાંથી ફૂટતા જળના ધીમા સ્વરને ઝમઝમ કહે છે. આ પાણીને ઝમઝમ એટલા માટે પણ કહે છે કે એ ઝરણ ફૂટી નીકળ્યું ત્યારે હઝરત હાજરા (હઝરત ઇસ્માઇલ અલૈ. નાં મા) એ તેની આસપાસ નાની પાળ બાંધી હતી અને એ ઝરણાનું નામ ઝમઝમ પડયાનું એક કારણ આ પણ છે કે જમીનમાંથી ફૂટયાની સાથે તે ચોમેર વહેવા લાગ્યું હતું. આમ તેની પુષ્કળતાના અર્થમાં તે ઝમઝમ તરીકે ઓળખાયું.

અહાદીસ વિદ્વાનો તથા ઇતિહાસકારોએ ઝમઝમનાં ચોપન જેટલાં નામો ગણાવ્યાં છે, જે પૈકી કેટલાંક આ પ્રમાણે છેઃ

(૧) ઝમઝમ - એ કૂવાનું એક પ્રસિદ્ધ નામ છે.
(૨) મુબારક - ભરપૂર સમૃદ્ધિ અને લાભ આપનાર પાણી.
(૩) તઆમે-તઅમ - પૌષ્ટિક ખાદ્યતત્ત્વોથી ભરપૂર પાણી.
(૪) શિફાએ સકીમ - રોગનિવારક અને સ્વાસ્થ્ય -દાયક.
(૫) સૈયદા - બધા કૂવા અને ઝરાઓનો સરદાર કૂવો.
(૬) તાહિરા - પવિત્ર-સ્વચ્છ.
(૭) અલ-રવા - હલાલ, પુષ્કળ પાણી.

અલ્લાહની મરજી અને ઝમઝમની આ બરકત હતી કે વેરાન અને લુખ્ખી-સૂકી મકકા યા બકકાની એ ખીણ ટૂંક સમયમાં જ આબાદ થઇ ગઇ હતી અને ત્યાં વ્યાપારી કાફલા ઊતરવા લાગ્યા હતા.

### દજ્જાલ ઓગળશે

એક પ્રસંગે રસૂલુલ્લાહે (સ.અ.વ.) આગાહી કરતાં કહેલું, અંતિમ દિવસોમાં બુરાઇઓ હોવા છતાં એક ખલીફા એવો ઉપસ્થિત થશે, જેને લોકો મહદીના નામે ઓળખશે. આ શબ્દનો (મહદીનો) અર્થ માર્ગદર્શન પામેલ થાય છે. મહદીનો સંબંધ મારા ખાનદાનથી હશે. તેનું કપાળ પહોળું હશે અને નાક ગરુડ જેવું (ગરુડની ચાંચ જેવું) હશે. તે ધરતીને ઇન્સાફ અને સારાઇથી ભરી દેશે, જે એનાથી પહેલાં જુલમ-સિતમથી ભરેલી હશે. તે સાત વર્ષ સુધી રાજ કરશે. (અબૂ દાવૂદ)

પરંતુ તેમના રાજયના અંતિમ સમયમાં યા તેમના પછી દજ્જાલ આવશે. તે જમણી આંખે અંધ હશે. તે (આંખ) ની અંદર જરા પણ તેજ હશે નહીં - જાણે તે અંગૂર ન હોય! (મુસ્લિમ)

તે (દજ્જાલ) ધરતી પર ઘણો ભ્રષ્ટાચાર ફેલાવશે અને ચિત્રવિચિત્ર ચમત્કારો દેખાડીને ઘણાબધા લોકોને પોતાના ટેકેદાર બનાવી લેશે. પરંતુ મુસલમાનોનું એક જૂથ તેની સાથે જંગ કરશે. જ્યારે તેઓ જંગ માટે કૂચ કરી રહયા હશે - નબી કરીમે (સ.અ.વ.) ફરમાવ્યું, અને તેઓ નમાઝ માટે પોતાની હરોળો ઠીક કરી રહયા હશે - જેની અઝાન થઇ ચૂકી હશે - એ પ્રસંગે હઝરત ઇસા ઇબ્ને મરિયમ (અલૈ.) નું ઉતરાણ થશે અને તેઓ નમાઝની ઇમામત કરશે અને તે અલ્લાહનો દુશ્મન (દજ્જાલ) મસીહ (અલૈ.) ને જોશે તો તે એ રીતે ઓગળવા લાગશે, જેમ કે મીઠું પાણીમાં ઓગળે છે. તેને અગર છોડી દેવામાં આવશે તો પણ તે ઓગળીને માર્યો જશે. પરંતુ અલ્લાહ તેને મસીહ (અલૈ.) ના હસ્તે કતલ કરાવશે જે તેમના ભાલા ઉપર તેનું (દજ્જાલનું) લોહી લોકોને દેખાડશે. (મુસ્લિમ)

આપે (સ.અ.વ.) અનેક સંજ્ઞાઓનુંય વર્ણન કર્યું છે, જેનાથી લોકોને જાણ થઇ જશે કે એ અંતિમ બાબતો જાહેર થવાનો સમય નજીક આવી ગયો છે. એ માંહેની એક સંજ્ઞા વિશે આપે (સ.અ.વ.) દર્શાવ્યું છે કે લોકો ઊંચી-ઊંચી ઇમારતો બાંધવા લાગશે. પણ આ આગાહી એક મોટા પ્રસંગે કરવામાં આવી હતી, જેનું સંપૂર્ણ વર્ણન આપવું જરૂરી છે, જે આ પ્રમાણે છે:

હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને ઉમર (રદિ.) તેમના પિતાની સનદ સાથે વર્ણન કરે છે કે હઝરત ઉમરે (રદિ.) કહયું: એક દિવસે અમે આપ (સ.અ.વ.) ની સેવામાં બેઠા હતા ત્યાં એક શખ્સ આવ્યો. તેનાં વસ્ત્રો અત્યંત સફેદ હતાં, તેના વાળ અત્યંત કાળા હતા, પણ તેના પર સફર કરી હોવાનું કોઇ ચિન્હ નજરે પડતું ન હતું. જોકે અમારામાંનું કોઇ તેને ઓળખતું ન હતું. તે નબી કરીમ (સ.અ.વ.) ના સાથળ સાથે સાથળ અડાડીને બેસી ગયો અને આપ (સ.અ.વ.) ના સાથળ ઉપર હાથ ધરીને તેણે કહયું, મુહમ્મદ (સ.અ.વ.), ઇસ્લામ શું છે?

અલ્લાહના રસૂલે ઉત્તર આપ્યો, આ બાબતની ગવાહી આપવી કે અલ્લાહના સિવાય કોઇ માબૂદ નથી અને મુહમ્મદ તેના રસૂલ છે. નમાઝ પઢવી, ઝકાત આપવી, રમઝાનના રોઝા રાખવા અને શકિત હોય તો બયતુલ્લાહની ઝિયારત કરવી.

આગંતુકે કહયું, તમે સાચું કહયું.

(હઝરત ઉમર (રદિ.) કહે છે): અમને ઘણું આશ્ચર્ય થયું કે એ શખ્સ પ્રશ્ન કરતો હતો અને ઉત્તરનું સમર્થન પણ કરતો જતો હતો. ત્યાર પછી તેણે પૂછયું, ઇમાન શું છે?

આપે (સ.અ.વ.) કહયું, અલ્લાહ પર, તેના ફરિસ્તાઓ પર, તેની કિતાબો પર શ્રદ્ધા ધરાવતી અને આ વાતમાં શ્રદ્ધા રાખવી કે કોઇ બદી યા નેકી અલ્લાહની મરજી વિના થઇ શકતી નથી.

તે શખ્સે કહયું, તમે સાચું કહયું. કહો, એહસાન શું છે?

આપે (સ.અ.વ.) ઉત્તર આપ્યો, અલ્લાહની ઇબાદત એ રીતે કરવી કે જાણે તમે તેને જોઇ રહયા છો, કેમકે અગર તમે તેને જોઇ રહયા નથી તો તે તો તમને જોઇ જ રહયો છે.

તે શખ્સે કહયું, તમે સાચું કહયું, નિશ્ચિત ઘડી (કયામત) વિશે કહો.

આપે (સ.અ.વ.) ઉત્તર આપતાં કહયું: એના વિશે હું એનાથી વિશેષ જાણતો નથી જેટલું પ્રશ્ન કરનાર જાણે છે.

તેણે કહયું, એની સંજ્ઞાઓ દર્શાવો. **(ક્રમશ)**

# આધ્યાત્મિક સફર

ઉર્દૂ લેખકઃ મૌ.ઇફતિખારઅહમદ કાસિમી સમસ્તીપૂરી
અનુવાદક : યુસુફખાન પઠાણ (ગુંજાવાળા)

હઝરત ઇસા (અલયહિસ્સલામ) ને લોકોએ પૂછયું કે, આવો વિવેક આપને કોણે શિખવાડયો? તો તેમણે ફરમાવ્યું કે, જયારે મેં કોઇની બુરાઇ જોઇ તો હું પોતે તેનાથી દૂર રહેવા લાગ્યો.

કહેવાનું તાત્પર્ય એ છે કે આત્માની સુધારણા વિના માનવી માનવ બનતો નથી અને પોતાના રબ – પાલનહારને ઓળખી શકતો નથી અને જે પોતાના રબની ઓળખથી વંચિત રહયો, તે પોતે પોતાની ઉન્નતિ કયાંથી મેળવશે?! એટલા માટે પહેલાં આત્માની સુધારણાની ચિંતા કરો અને એના માટે તેની રીતને અપનાવો અને સાથે સાથે અલ્લાહ તઆલા પાસે તેની મહેરબાની અને દયા – કૃપા માટે દુઆ કરતા રહો અને હંમેશાં અલ્લાહ તઆલા પાસે આત્મા (મન) અને શયતાનના છળકપટથી રક્ષણ માંગતા રહો. (અહમદ બિન હમ્બલ (રહ.)

أَللّٰهُمَّ قِنِى شَرَّ نَفْسِى وَأَعْزِمْ لِى رُشْدِ أَمْرِى -

ભાવાનુવાદઃ **હે અલ્લાહ! મને મારા આત્માની બુરાઇથી સુરક્ષિત રાખ અને મને મારા કામની સુધારણા માટે હિમ્મત પ્રદાન કર.**

(સૂ. અલ અઅ્લાઃ ૧૫) (અહમદ બિન હમ્બલઃ ૪૪૪//૪)

## ગુનાહ અને તેના નુકસાનો

એક હદીષ શરીફમાં આવે છે કે, એક સહાબી (રદિ.) એ હુઝૂર નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને પૂછયુંઃ **મા લઇષ્મુ? યા રસૂલલ્લાહ! સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ.** હે અલ્લાહના પ્યારા રસૂલ! સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ, ગુનાહ – પાપ શું છે? તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ એ જવાબ આપ્યોઃ **મા હાક ફી સદ્રિક.** અર્થાત્ જે તારા દિલમાં ખટકે તે પાપ છે. તો હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો આ જવાબ માનવસ્વભાવનો હુબહૂ – સાચે સાચો ખુલાસો રજૂ કરે છે, કેમ કે આ એક હકીકત છે કે માણસ ગમે તેટલો ખરાબ હોય તો પણ પાપ કરતાં પહેલાં પણ તેના દિલ (મન) માં એક ખટકો પેદા થાય છે અને પાપ કર્યા પછી પણ તે એક પ્રકારની ચિંતાનો (ખટકાનો) શિકાર થઇ જાય છે. ગુનેહગાર ખૂબ જ સાવચેતીપૂર્વક ગુનાહ કરે છે અને ગુનાહનો દરેક પુરાવો પણ નષ્ટ કરી નાખે છે. આમ છતાં પકડાઇ જવાનો ડર એને હંમેશાં સતાવ્યા કરે છે અને બીજું કંઇ ન થાય છતાં પણ તે પોતાના મનમાં એક ખાસ પ્રકારની અકળામણ – વ્યાકુળતાનો અનુભવ તો કરે જ છે.

પાપ ભલાઇનો વિરોધી છે – પાપ ભલાઇનો દુશ્મન છે અને જયાં ભલાઇ (નેકી) આત્માને સંતોષ આપે છે ત્યાં જ પાપ આંતરિક બેચેનીમાં સપડાવી દે છે. ભલાઇ દરેક પ્રકારની સફળતાનું કારણ છે, જયારે પાપ દરેક પ્રકારની બેઇઝઝતી અને અપમાનનું કારણ છે. પાપ – પછી ભલેને તે અલ્લાહના હકકો બરબાદ કરવાથી હોય અથવા બંદાઓના હકકો નષ્ટ કરવાથી હોય – એ આત્મા માટે એવો જ છે જેવો કે શરીર માટે ઝેર (વિષ). વિષપાનથી – ઝેર પીવાથી ઝેર પીવાથી શરીર મૃત્યુ પામે છે અને પાપોથી આત્મા મરી જાય છે, જયારે કે વાસ્તવિક જીવન મનનું જીવન જ છે. માનવી સદેહે ભલે ને જીવતો હોય, પરંતુ જો તેનો આત્મા મરી ગયો તો તે વાસ્તવિક જીવનથી વંચિત બની ગયો. એટલા માટે જ કાફિરને કુર્આન મજીદે મડદા સમાન બતાવ્યો છે.

أَمْوَاتٌ غَيْرُ أَحْيَاءٍ ط

ભાવાનુવાદઃ **કાફિર નિર્જીવ છે, નહીં કે સજીવ.**

(સૂરએ નહલ, આયતઃ ૨૧)

પાપી મનુષ્ય કદી પણ સાચા જ્ઞાનથી લાભાન્વિત થઇ શકતો નથી, કેમ કે જ્ઞાન તો દિવ્ય પ્રકાશ છે. તે અલ્લાહ તઆલા તરફથી મુઅમિનના દિલમાં નાખવામાં આવે છે અને પાપ આ નૂર (દિવ્ય પ્રકાશ) ને ઓલવી નાખે છે, પરંતુ સાચુ જ્ઞાન તો અલ્લાહનો અતિ પવિત્ર ગુણ છે અને અલ્લાહનું આત્મસન્માન કદી પણ એ વાત પસંદ નથી કરતું કે તે પોતાના આ પવિત્ર સદ્ગુણને કોઇક ગંદા (અપવિત્ર) દિલમાં ઉતારે.

હઝરત ઇમામ શાફિઇ (રહ.) ઇમામ માલિક (રહ.) ની સેવામાં હાજર થયા અને હદીષના પાઠનું પઠન કર્યું તો ઇમામ માલિક (રહ.) એમની આ

અકલમંદી (બુદ્ધિ) જોઇને આશ્ચર્યચકિત થઇ ગયા અને ફરમાવ્યુંઃ હું જોઇ રહયો છું કે, પરમ કૃપાળુ પરમાત્માએ (અલ્લાહ તઆલાએ) તારા દિલમાં પોતાના નૂરને ઉતારી દીધું છે. તેથી તું ધ્યાન રાખજે (સાવધ રહેજે) કે કયાંક પાપનો અંધકાર એને ઓલવી ન નાખે. અને ઇમામ શાફિઇ (રહ.) ના આ શે'ર કેટલા બધા લોકપ્રિય છે. આપ (રહ.) ફરમાવે છે:

شَكَوْتُ إِلَى وَكِيعٍ سُوْءَ حِفْظِي فَأَوْصَانِي إِلَى تَرْكِ الْمَعَاصِي

فَإِنَّ الْعِلْمَ نُوْرٌ مِّنْ إِلٰهِي وَنُوْرُ اللهِ لَا يُعْطٰى لِعَاصِي

ભાવાનુવાદ: **મેં મારા ઉસ્તાદ ઇમામ વકીઅ (રહ.) ને ખરાબી – નિર્બળ યાદશકિતની ફરિયાદ કરી, તો એમણે મને પાપો (ગુનાહો) ત્યજી દેવાની વસિય્યત ફરમાવી, કેમ કે ઇલ્મ (જ્ઞાન) અલ્લાહ તઆલાનું નૂર છે (દિવ્ય પ્રકાશ છે) અને અલ્લાહનું નૂર (દિવ્ય પ્રકાશ) પાપીઓને – ગુનેહગારોને આપવામાં આવતું નથી.**

પાપ – ગુનાહ રોઝી – રોટીથી મહરૂમી (વંચિતતા) નું કારણ છે. જેવી રીતે ઇબાદત અને અલ્લાહનો ડર (તકવા) અપનાવવાથી તે માનવી માટે રોઝીને (માનવી પાસે) ખેંચી લાવે છે અને એવી જ રીતે અલ્લાહની ઇબાદતની ઉપેક્ષા કરવી અને પાપોમાં પડયા રહેવું એ માનવીને મુફલિસ – દરીદ્ર અને નિર્ધન (કંગાલ) બનાવી દે છે, તેની રોઝી ઓછી થઇ જાય છે અને તે કણ કણને તરસે છે. કુર્આન મજીદ ફરમાવે છે:

وَمَنْ أَعْرَضَ عَنْ ذِكْرِي فَإِنَّ لَهُ مَعِيشَةً ضَنكًا وَنَحْشُرُهُ يَوْمَ الْقِيَامَةِ أَعْمَىٰ

ભાવાનુવાદ: **અને જેણે મારી ઇબાદતની ઉપેક્ષા કરી તો એની રોઝી – રોટી ઘટી જવી એ નકકી જ છે અને અમેકિયામતના દિવસે તેને આંધળો ઉઠાવીશું.** (સૂ. તાહાઃ આ. ૧૨૪)

અને જે મારા ઝિક્ર (શિખામણના પાઠ) થી મોઢું ફેરવશે, તેના માટે દુનિયામાં જીવન તંગ હશે અને કિયામત (પુનર્જીવન) ના દિવસે અમે તેને આંધળો ઉઠાવીશું. (દિ. કુ. પેજ: ૭૨૭)

આજે માનવી રોઝી કમાવવા માટે કેવા કેવા અપમાનજનક (શરમજનક) રસ્તા અપનાવે છે. આમ છતાં તેને તેનો હેતુ પૂર્ણ કરવામાં સાચી સફળતા મળતી નથી, કેમ કે રોઝી આપનાર તો અલ્લાહ તઆલા જ છે. એને છોડીને બીજા ગુનાહોમાં સંડોવાઇને રોઝી મેળવવી એ કઇ રીતે શકય બની શકે ? તેથી રોઝી મેળવવા માટે અલ્લાહ તઆલાની બંદગી અને પાપોથી વિમુખતાથી મોટો બીજો કોઇ ઉપાય નથી.

પાપને કારણે માનવી ગભરાટનો શિકાર થઇ જાય છે અને તે દરેકથી નફરત કરવા લાગે છે, ત્યાં સુધી કે તે સ્વયં પોતાની ઝાતથી પણ નફરત કરવા લાગે છે અને તેની આ ખુદ પોતાની ઝાતથી નફરત કયારેક કયારેક તેને આત્મહત્યા કરવા તરફ દોરે છે. આત્મહત્યાના મોટા ભાગના કિસ્સાઓની પાછળ માનવીની ભૂલ અને પાપ જ પ્રેરકબળ હોય છે, કેમ કે પાપને લીધે માનવી લઘુતાગ્રંથિથી પીડાઇને પોતાના જીવનથી તદ્દન (ખૂબ જ) કંટાળી જાય છે અને પછી તો મૃત્યુનો ખોળો જ તેને પોતાનું આશ્રયસ્થાન લાગે છે.

પાપી માનવી હંમેશા અડચણોથી ઘેરાયલો રહે છે. તેના બધા જ કાર્યો ખૂબ જ અઘરા અને અશકય બની જાય છે. એનાથી ઉલટું, ભલાઇ અને અલ્લાહનો ડર (તકવા) મુશ્કેલીઓને સરળતામાં બદલી નાખે છે અને અશકય કાર્ય પણ સરળતાથી પાર પડી જાય છે, કેમ કે અલ્લાહના ડરને કારણે માનવીનો સંબંધ અલ્લાહ તઆલાથી જોડાઇ જાય છે અને ફકત અલ્લાહ તઆલા જ દરેક મુશ્કેલીને સરળ – આસાન બનાવે છે.

પાપને લીધે દિલમાં અંધકાર પેદા થઇ જાય છે, કેમ કે અલ્લાહની ફરમાંબરદારી – બંદગી એક નૂર છે (દિવ્ય પ્રકાશ છે) અને પાપ અંધકાર! જયારે ગુનાહોને કારણે દિલોમાં અંધકાર વધી જાય છે તો તેની અસર આંખોમાં દેખાવા લાગે છે અને પછી એ અંધકાર (કાળાશ) ચહેરા ઉપર છવાઇ જાય છે, જેને કારણે ચહેરો કાળો પડી જાય છે. મશહૂર સહાબી હઝરત અબ્દુલ્લાહ ઇબ્ને અબ્બાસ (રદિ.) ફરમાવે છે કે, ગુનાહોને (પાપોને) લીધે ચહેરા ઉપર કાળાશ, દિલમાં અંધકાર, શરીરમાં અશકિત, રોઝીમાં ઉણપ અને લોકોના દિલોમાં દ્વેષ અને દુશ્મની સ્થાયી (પ્રસ્થાપિત) થઇ જાય છે. (ક્રમશ)

## શિક્ષણ મંથન

સહ - શિક્ષણનું બીજું પાસું છોકરા - છોકરીઓનો મિશ્ર - તાલીમ છે, પ્રારંભિક ઉંમર કે જેમાં બાળકો જાતિય લાગણીઓથી કોરાં હોય છે અને તેઓમાં આવી લાગણીઓ પેદા થતી નથી, ત્યાં સુધી સહ - શિક્ષણને અવકાશ (ગંજાઇશ) છે, આઠ - નવ વર્ષની ઉંમર અને પ્રાઇમરીના સ્તર સુધી સહ - શિક્ષણની સિસ્ટમ રાખી શકાય છે, તેથી, ઇસ્લામે સગીર કે સભાનવયે ન પહોંચેલા બાળકોને ગેર - મહરમ મહિલાઓ પાસે આવવા - જવાની મંજૂરી આપી છે, અને પવિત્ર કુર્આને આ તરફ ઇશારો કર્યો છે; (અલ - નૂર : ૫૮) પરંતુ જયારે બાળકોમાં જાતીય સભાનતા પેદા થવા લાગે અને અમુક હદ સુધી જાતીય લાગણીઓની ઓળખ થવા લાગે, ત્યારે તેમને સહ - શિક્ષણ આપવું એ આગ અને બારૂદને એક જગ્યાએ ભેગા કરવા જેવું છે.

ઇસ્લામનો દંષ્ટિકોણ આ સંદર્ભમાં ખુબ જ સ્પષ્ટ અને સાફ સાફ છે કે કોઇ પુરૂષનું ગેર - મહરમ સ્ત્રી તરફ જોવું બિલકુલ સ્વીકાર્ય નથી. હજના દિવસોનો એક પ્રસંગ છે, ફઝલ બિન અબ્બાસ રદિ. હુઝૂર (સ.અ.વ.) ની સાથે એક ઉંટ પર સવાર છે, બનૂ ખશઅમ કબીલાની એક છોકરી કોઇ મસ્લો પૂછવા માટે આપ (સ.અ.વ.) પાસે આવે છે અને એવામાં હઝરત ફઝલ બિન અબ્બાસ રદિ. ની નજર એક ક્ષણ માટે આ છોકરી પર સ્થિર થાય છે, આપ (સ.અ.વ.) એ તરત જ હઝરત અબ્બાસનું મોં ફેરવી દીધું, જયારે હજ જેવા પવિત્ર માહોલ અને આપ (સ.અ.વ.) ના પ્રશિક્ષિત સહાબા અને સહાબિયાત વિશે હુઝુર (સ.અ.વ.) એ આટલી સાવચેતી રાખી હોય તો બીજાનો શું ઉલ્લેખ કરવો ? આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું કે, નિગાહ શેતાનના તીરોમાંથી એક તીર છે; કારણ કે અસલમાં બધી બુરાઇઓનું મૂળ આ બૂરી નજર છે, બૂરી નજરથી જ બધા ફિત્ના ઉદ્‌ભવે છે, જયારે વારંવાર નજરો મળે છે, તો પહેલાં હિંમત વધે છે, વાતચીત કરવાનો હોંસલો મળે છે, પછી વાસનાના હાથ આગળ વધે છે, મુલાકાતો ગોઠવાય છે અને અંતે, શરમ અને હયાના તમામ પડદા ઉઠી જાય છે, તેથી નજરના ફિત્નાને અવગણી શકાય નહીં, ખાસ કરીને એવા કિસ્સામાં કે જયાં ચુસ્ત, ફિટોફીટ અને આકર્ષક યુનિફોર્મ હોય અને માત્ર ચહેરો અને ગાલ જ નહીં; બલ્કે નિર્વસ્ત્ર ટાંગો પણ વાસનાની નજરને આમંત્રણ આપતી હોય.

ધાર્મિક અને નૈતિક દ્રષ્ટિકોણથી, ભાગ્યે જ કોઇ સમજદાર વ્યકિત આ વાતને નકારી શકે છે કે આ મિશ્ર - તાલીમ અખ્લાક માટે ઘાતક છે, તદ્ઉપરાંત શૈક્ષણિક અને વહીવટી દંષ્ટિએ પણ તેના જોખમો અને નુકસાન દિવસ - રાત સામે આવતા રહે છે. છેડતી અને અભદ્ર ટીખળ હવે આવી શાળાઓમાં સામાન્ય બની ગયા છે, જેના કારણે શાળાનું વાતાવરણ પણ બેફામ અને અસલામત બને છે, વિડંબના એ છે કે, વિદ્યાર્થીઓની સાથે સાથે કયારેક શિક્ષકો પણ આમાં સંડોવાય છે અને પછી પોલીસ કેસ પણ થાય છે. અપહરણની ઘટનાઓ પણ બને છે, થોડા વખતના પ્રેમમાં પડીને ફરાર થઇ જવું અને પછી પસ્તાવાના સમાચાર અખબારોની શોભા બનતા હોય છે અને કેટકેટલી અકથ્ય ઘટનાઓ બને છે.

આ થયું સહ - શિક્ષણનું વહીવટી પાસું, હવે તેને કેવળ શૈક્ષણિક દંષ્ટિકોણથી જોઇએ, શિક્ષણ એ વાસ્તવમાં બે બાબતોનું નામ છે, જે વિષય શીખવવામાં આવે, તેને સંપૂર્ણ રીતે સમજવો અને તેને મનમાં ગ્રહણ કરવું, બીજું એ વિષયને પોતાની સ્મૃતિ અને યાદદાસ્તમાં જાળવવો, આ બંને બાબતો માટે જરૂરી છે કે વિદ્યાર્થી સંપૂર્ણ રીતે પોતાના મકસદ અને

ધ્યેયને વળગેલો રહે, ફોકસ્ડ રહે, ફોકસ્ડ રહેવા માટે બે બાબતોની જરૂર છે એક, તે જે વાંચી રહયો છે કે સાંભળી રહયો છે તેના પર સંપૂર્ણ ધ્યાન આપે, બીજું તમામ પ્રકારના ભય અને ડરથી તેનું દિલ - દિમાગ સુરક્ષિત અને સલામત હોય, હવે પ્રથમ બાબત લઇએ તો, ઉંમર અને વયના તકાદાને કારણે આ મિશ્ર બેઠક વ્યવસ્થા છોકરા - છોકરીઓનું ધ્યાન ભટકાવતું રહે છે, બીજું, શરીફ છોકરીઓ લંપટ અને લફંગા છોકરાઓ તરફથી સતામણીના ભય સાથે જીવે છે, અને ડરી - સહેમી વર્ગખંડમાં સમય વિતાવે છે, આવા માહોલમાં શિક્ષણ - પ્રશિક્ષણનું કામ સંપૂર્ણ ધ્યાનમગ્ન બની એક ચિત્તે કેમ કરી થઇ શકે ? કારણ કે:

**રુસવા કિયા ઇસ દોર કો જલ્વત કી હવસને**
**રોશન હે હવસ આઇનએ - દિલ હે મુકદ્દર**
**બળ્હ જાતા હે જબ ઝોક-એ-નઝર અપની હદોં સે**
**હો જાતે હે અફ્કાર પરાગંદા વ અબતર**

મારું એવું માનવું છે કે જો કોઇ સંસ્થા કે વ્યકિત કુમાર-કન્યાઓની અલગ-અલગ શિક્ષણ વ્યવસ્થા અને સહ-શિક્ષણ વ્યવસ્થામાં ભણેલા વિદ્યાર્થીઓનો સર્વે કરે તો સંભવ છે કે શૈક્ષણિક દ્રષ્ટિએ છોકરા-છોકરીઓ વધુ કામિયાબ હશે; જેમણે અલગ-અલગ શિક્ષણ વ્યવસ્થા ધરાવતી શાળાઓમાં શિક્ષણ મેળવ્યું હશે. જો આપણે વર્તમાન સંજોગોમાં કે જેમાં સોશ્યલ મીડિયાએ સમાજને બગાડવા માટેની તેની તમામ શકિતઓ ખર્ચી નાખી છે અને વિદેશી કંપનીઓએ તો રહી-સહી કસર પણ પૂરી કરી નાખી છે, તેમજ પૂર્વીય સભ્યતા અને સંસ્કૃતિને પુરી તાકાતથી ખતમ કરી નાખવાની એક જબરદસ્ત આંધી ફુંકાઇ રહી છે, ત્યારે જો અલગ-અલગ શિક્ષણની વ્યવસ્થા અપનાવવામાં નહીં આવે, કન્યાઓ માટે અલગ શાળાઓનો યોગ્ય બંદોબસ્ત અને ઉચ્ચ ટેકનિકલ શિક્ષણની સંસ્થાઓની સ્થાપના કરવામાં નહીં આવે અને તેમના હાલ પ્રમાણે અભ્યાસક્રમ બનાવવામાં નહીં આવે, તો આપણા માટે આપણા સામાજિક અને ધાર્મિક મૂલ્યોનું રક્ષણ કરવું અશકય થઇ પડશે અને પશ્ચિમનું વ્યર્થ અનુકરણ આપણને તબાહ કરી દેશે.

## મુસ્લિમો દ્વારા સંચાલિત શાળાઓ માટે કેટલાંક સૂચનો

ખુદાનો આભાર કે પાછલાં કેટલાંક વર્ષોમાં મુસ્લિમોએ શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના પર વિશેષ ધ્યાન આપ્યું છે અને દેશના મોટાભાગના વિસ્તારોમાં મુસ્લિમોએ પોતાની શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી છે, પ્રાઇમરી અને માધ્યમિક શાળાઓથી લઇને કોલેજો અને ઉચ્ચ ટેકનિકલ શિક્ષણની અનેક સંસ્થાઓ છે, જે અત્યારે મુસ્લિમ મેનેજમેન્ટ હેઠળ કાર્યરત છે, ભારતના જે શહેરોમાં આ મહત્ત્વપૂર્ણ કાર્ય પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે, તે પૈકીનું એક શહેર હૈદરાબાદ પણ છે, આ ખૂબ જ મુબારક અને સૌભાગ્યપૂર્ણ પગલું છે, અને ઇન્શાઅલ્લાહ ભવિષ્યમાં તેના ખૂબ લાભદાયી પરિણામો જોવા મળશે. સામાન્ય રીતે, લોકો ઉચ્ચ તકનીકી શિક્ષણ સંસ્થાઓને જ વધુ મહત્ત્વ આપે છે, પરંતુ કદાચ આવું માનવું સાચું ન હોય. જો આપણે આપણાં બાળકોને પ્રાથમિક સ્તરથી લઇને હાઇસ્કૂલ સુધીનું સારુ શિક્ષણ ન અપાવી શકીએ, અને ગુણવત્તાયુકત શિક્ષણનો બંદોબસ્ત ન કરી શકીએ, તો મેડીકલ અને એન્જિનિયરિંગ કોલેજની સ્થાપના કરવી બહુ ઉપયોગી ન નિવડી શકે, કારણ કે આપણાં બાળકો સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળ થઇ શકશે નહીં, પરિણામે મહેનત તમે કરશો, પૈસાનું રોકાણ તમે કરશો; પણ ખુદ તમારાં પોતાનાં બાળકો આ શાળાઓમાં અભ્યાસ કરવાથી વંચિત રહી જશે, (ક્રમશ)

# કેટલાંક દિવસો ટોકીયો અને બેજીંગમાં

- યુસુફઅલી મંગેરા, લંડન - યુ.કે.

જાપાન એક એવો દેશ છે જયાં એકીસાથે બે ધર્મો કેટલાંક લોકો પાળે છે. એટલે શીન્તો ધર્મ અને બૌધ્ધ ધર્મ. શીન્તો ધર્મનાં અનુયાયીઓ સૌથી વધુ પછી બૌધ્ધ ધર્મનાં અનુયાયીઓ અને ત્રીજા નંબરે ઇસાઇ ધર્મ અને ઇસ્લામ ધર્મનાં અનુયાયીઓ બહુ જુજ છે. જાપાનનાં પ્રોડકટમાં કવોલીટી કંટ્રોલ ઉપર ખાસ ધ્યાન અપાઇ છે. અંદાજે ૨,૫૦,૦૦૦ (અઢી લાખ) જેટલાં મુસ્લિમ હશે.

હાઇ સ્કીલ્ડ વીઝા (મોટી ડીગ્રીવાળા માટે) વર્કર વીઝા, ડોકટરો કે એન્જીનીયર માટે, સ્ટુડન્ટ વીઝા વિગેરે છે. ૯૯ ટકા લોકો જાપાનીસ બોલે છે. ત્યાર પછી અંગ્રેજી બોલનારા બીજા નંબરે છે. કાર સસ્તી સુમો, રેસ્લીંગ એ રાષ્ટ્રીય રમત છે. તેમજ જુડો કરાટેનું મહત્વ છે. ૩ાા કલાક સમય ઇન્ડિયાથી આગળ છે. વસ્તીમાં ૯૮ાા ટકા જાપાની બાકીનાં દોઢ ટકામાં કોરીયન, ચાઇનીઝ, ફિલીપાઇનીઝ, વિયેટનામીઝ તેમજ અન્ય છે. પરદેશીઓને બહું આવકાર નથી. સફાઇનું સ્ટાન્ડર્ડ ઘણું ઊંચુ છે. ગમે ત્યાં કચરો નાંખતા લોકો શરમાઇ છે. અમે કચરો કોઇ જગ્યાએ જોયો નહિં. ટોઇલેટમાં પાણીની સુવિધા સારી છે. સેન્સરવાળું, ઇલેકટ્રોનીક બિડેટ દરેક ટોઇલેટમાં હોય છે જેમાંથી પાણી છુટે છે અને ફલશ પણ થઇ ટબ સાફ થઇ જાય છે.

જાપાનનો મોટો પહાડ માઉન્ટ ફુજી છે જે જવાળામુખી અને લાવારસ વાળો છે જે ટોકીયોથી ૧૦૦ કી.મીટર જેટલો દુર છે. જાપાનમાં કેટલીકવાર ધરતીકંપ થાય છે. ૨૦૧૧ માં મોટો ધરતીકંપ થયો હતો જેમાં લગભગ ૨૦૦૦૦ જેટલી સંખ્યામાં જાનહાની થઇ હતી.

જાપાનમાં વસ્તી જુદી-જુદી ટોળીઓ સાતમી સદીમાં એક સમ્રાટનાં અધિપત્ય નીચે આવી પછી સામંતશાહી પ્રથા આવવા લાગી. બારમી સદી સુધીમાં આ સામંતો આપખુદી ઢપે વર્તવા લાગ્યા. મીના મોટો કુટુંબનાં સામંત યોરીતોમોએ બધા સામંતો ઉપર સત્તા સ્થાપી પછી ૧૯૯૨ માં સમ્રાટે તેની સાઇ તાઇ શોગુન તરીકે નિમણુંક કરી તેને કેટલાંક હકકો આપ્યા. ૧૬૦૩ માં શોગુનપદ તોકુગાવા કુટુંબને મળ્યું જે ૧૮૬૭ સુધી ટકી રહયું. બીજો શકિતશાળી વર્ગ સેમુરાઇનો હતો. જે સૈનિકો (ક્ષત્રિય જેમ) હતા અને જાગીરદારોની પ્રોપર્ટીનાં રક્ષણ સાથે જોડાયેલા હતાં.

યુરોપીયનોમાં સર્વ પ્રથમ પોર્ટુગીઝો પહોંચ્યા. શોગુન નોબુનાગાએ ૧૬ મી સદીનાં મધ્યકાળમાં ખ્રિસ્તીઓને આવકારી પણ પાછળથી હિદેયોશીએ ૧૮૫૭ માં ખ્રિસ્તીઓને દેશ છોડી જવા કહયું. બીજા યુરોપીયનોએ પણ જાપાન આવવા પ્રયત્નો કર્યા પણ ફાવ્યા નહીં. માત્ર ડચ લોકો પ્રત્યે થોડો નરમ વલણ હતું. જાપાનનાં દ્વાર વિદેશીઓ માટે ૧૬૩૯ થી ૧૮૫૪ સુધી બંધ રહયા. ફકત ચીના ચીની અને કોરીયનને આવવાની છુટ અપાઇ. યુરોપનો સંપર્ક તુટવાથી જાપાન વિકસીત સંસ્કૃતિથી વંચિત રહયું પણ જાપાનની પરંપરાગત સંસ્કૃતિ ટકી રહી.

જાપાનનો ટાપુ પેસિફીક મહાસાગરમાં આવેલો હોવાથી અમેરિકા માટે મહત્વનો હતો. એમનાં વહાણોની મરામત તથા કોલસા, ખોરાક પાણી અને અન્ય પુરવઠા માટે જરૂરત હતી.રશીયનો પણ સફળ થયા નહિં. જાપાને સ્પષ્ટ કહયું કે અમારે વિદેશી વસ્તુઓ કે વિચારો જોઇતા નથી. ૧૮૪૨ પછી વલણમાં થોડી નરમાશ આવી. અને વિદેશી વહાણો આવે તો જાપાનનાં દરિયાનાં પાણી, ખોરાક કે કોલસાનો પુરવઠો લઇને તરત ચાલ્યા જાય.

૧૯ મી સદીનાં આરંભમાં તોકુગાવા શોગુન શાસનનો વડો હતો. છતાં વાસ્તવિક સત્તા સમાત્રનાં હાથમાં હતી. લોકો દઢપણે સમ્રાટને સાક્ષાત દેવ તરીકે માનતા હતા. ખુબ આદર ભાવ હતું. સમ્રાટનો રાજમહેલ કયોટોમાં હતો પણ શાસન વ્યવસ્થા શોગુન પાસે હતી. જેનું નિવાસ્થાન Yedo (Tokyo) માં હતું. તોકુગાવા કાળમાં અનેક નગરોએ પ્રગતિ કરી હતી. અને ભવ્ય ઇમારતો રચાઇ અને Yedo (Tokyo) જાપાનનું મોટું અને સુંદર શહેર બની ગયું. વસ્તી વધી, આર્થિક રીતે પ્રગતિશીલ બન્યું. વિકાસ તરફ આગેકૂચ કરી.

અઢારમી સદીથી આર્થિક મુશ્કેલીની શરૂઆત થઇ. વસ્તીનાં પ્રમાણમાં સાધનો કે ટેકનોલોજી વધી નહિં. ઊંચા વર્ગોનાં ખર્ચાઓ વધી ગયા જેઠી દેવાદાર થયા અને શોગુનની લશ્કરી અને આર્થિક તાકાત ઘટી ગઇ. સામંત શાહી માળખું છિન્ન ભિન્ન થઇ ગયું. કેટલાકે નબળાઇ પ્રત્યે ધ્યાન દોર્યું. લોકોને જાગૃત કર્યા. પશ્ચિમનાં જ્ઞાન, ટેકનોલોજી અને પુર્વનાં સંસ્કારો તરફ ધ્યાન દોર્યું. પરિસ્થિતથી સમજીને વિદેશી સંપર્ક માટે જાપાન તૈયાર થયું. પણ જાપાને પ્રાચીન પરંપરાને જાળવી રાખી પશ્ચિમની ટેકનોલોજીનો સ્વીકાર કર્યો અને પ્રાદેશિક અખંડીતા કદી ગુમાવી નહીં.

અમેરિકાનો કોમોડોર પેરી ૧૮૫૩ માં પ્રમુખ ફિલમોરનો પત્ર લઇને જાપાન આવ્યો. જાપાન પરિવર્તનનાં આરે ઊભું હતું. પેરીએ ખાતરી આપી કે અમેરિકાને જાપાનમાં ધર્મ પ્રચારમાં રસ નથી અને શાંતિ તથા મિત્રતાની સંધી કરવા ઇચ્છે છે. વેપારનાં અધિકતમ વહાણો માટે કોલસા પાણીનું મથક મળે એમ ઇચ્છે છે. પેરી પત્ર આપી ચાલ્યો ગયો. બીજે વરસે જવાબ લેવા જાપાન આવ્યો. જાપાનમાં મિત્ર પ્રતિક્રીયા હતી. અંતે ૩૦ મી માર્ચ ૧૮૫૪ નાં રોજ જાપાન-અમેરિકા વચ્ચે કાનાગાવાની સંધી થઇ. જે જાપાનનાં ઇતિહાસમાં મહત્વની છે. ત્યાર પછી વાણિજય પ્રતિનીધી તરીકે ટાઉનસેન્ડ હેરીસ આવ્યો. હવે જાપાનને સમજાયું કે પશ્ચિમી જગતથી અલગ રહેવું અશકય છે અને ૨૯.૭.૫૮ નાં નાગાસાકી મુકામે નવી સંધી થઇ. ત્યાર બાદ બ્રિટન, રશીયા અને ડચો સાથે પણ સંધી થઇ. આ સંધીઓને કરવુ જાપાનમાં શોગન શાહીનું પતન અને સમ્રાટની શકિતની પુન સ્થાપના થઇ.

શોગુન કેઇકી તોકુગાવા કુળનો છેલ્લો શોગુન હતો. ૧૮૬૭ માં સમ્રાટ કોમેઇનું અવસાન થતાં માત્ર ૧૪ વર્ષની વયે મુત્સુહિતો ગાદીએ આવ્યા. શોગુન ઉપર દબાણ વધતા સમ્રાટ સમક્ષ રાજીનામું ધરી દીધું. શોગુન શાહીનો અંત આવ્યો. યુવાન સમ્રાટ દેશનાં પ્રશ્નો સમજવાનું સમજ ધરાવતો હતો. સમ્રાટે Meiji અર્થ જાગ્રત કે શાનદાર થાય એ ઉપનામ ધારણ કર્યું. આ યુગ મેઇજી યુગ અને વિદેશનિતીના ક્ષેત્રે પરિવર્તનનો આરંભ ગણાય છે. (ક્રમશ)

## અદભૂત બોધકથા :

કંડકટરને ભાડુ આપવા જેવો મેં ખીસ્સામાં હાથ નાખ્યો ત્યાં બાજુમાં બેઠેલા ભાઇએ હાથ પકડીને કીધુ બાપા રહેવા દો હું તમારી ટીકીટ લઇ લઉં છું, મેં ના પાડી તો ય ધરાર મારી ટીકીટ એણે લીધી. આગળના સ્ટોપે એ ભાઇ ઉતરી ગયા ને હું મારા ખીસ્સામાં હાથ નાખીને કાંઇક કાઢવા ગયો ત્યાં મગજ બેર મારી ગયું કારણ કે એ ભાઇ મારૂ ગજવું કાપી ગયો હતો!

બીજે દિવસે એ ભાઇ મને બજારમાં મળી ગયા. એ ચોર મને ગળે મળીને રડવા લાગ્યો ને કહે મને માફ કરી દયો તમારૂ ખીસ્સુ કાપ્યા પછી મારી ઘરવાળી મરી ગઇ, મેં પણ ચોરને માફ કરી દીધો! ચોર જતો રહયો પણ ગળે મળ્યો ત્યારે મારી સોનાની ચેઇન ચોરતો ગયો!!

હવે મળે તો ધોઇ નાખવો છે એવું પાકકું નકકી કરી નાખ્યું હતું ત્યાં થોડાક દિવસમાં હું મોટર સાઇકલ લઇને જતો તો ત્યાં પાછો ભટકાયો. મેં કાંઠલો પકડી લીધો એ રડવા માંડયોને માફી માંગી અને ચોરેલા રૂપીયા અને સોનાની ચેઇન મને પાછો આપી ગયો. પછી બાજુનાં રેસ્ટોરન્ટમાં મને ધરાર નાસ્તો કરવા લઇ ગયો ને ભરપેટ ખવડાવીને તે જતો રહયો. હું વિચારતો હતો કે બિચારો મજબુર હશે ને હું મારી ગાડી પાસે આવ્યો અને જોયું તો એ આ વખતે એ ભાઇ મારી ગાડી લઇને ભાગી ગયો હતો.!!

આપણી બિલકુલ આવી જ હાલત આ નેતાઓ કરે છે, ભોળી જનતા એમની ઉપર વિશ્વાસ કરે છે અને એ લોકો દર વખતે ચુંટણી ટાઇમે નવા નવા તુકકા કરીને આપણને લુંટી જાય છે. ■

# એક તણખલાની વાત

હનીફ નાડત. કોંઠ

ઉનાળાનો એક બપોર છે. લગભગ સાંજ પડવા આવી છતાં સુરજ આગ ઓકી રહયો છે. નઝીરભાઇ એ.સી. બંધ કરી ચ્હા પાણી પતાવી આંગણામાં આરામ ખુરશી પર બેઠા છે. આંગણે ઉગેલો વિરાટ લીમડો જરાતરા ઠંડો પવન લહેરખી રૂપે વીંઝી રહયો છે. નઝીરભાઇ હજુ તો આરામ ખુરશી ઉપર જરાતરા લંબાવે કે ફળીયામાં એક ચીર-પરિચીત અવાજ સંભળાયો... હા એ નુરીભાભી નો અવાજ હતો. ગામ લોકોએ એનું નામ નવરી ડોશી પાડયું હતું. કેમકે ગામ આખાની પંચાત એને આવડે. માણસ જરાક નવરો હોય અને નવરી ડોશી આવતી જણાય તો મનોરંજન માટે નવરી ડોશીને મસ્કો મારે એટલે અતથી ઇતી સુધીની માહિતી પીરશે... પણ આવી ફરતી ટપાલ જેવી નુરી ડોશી જરાકેય નઝીરભાઇને ગમતી નહીં. જેમજેમ એનો વિચાર કરે ત્યાં તો નવરી ડોશી છેક નઝીરભાઇ સામે આવીને ઉભી... કેમ નઝીરભાઇ મજામાં છોને? ઔપચારીકતા પતાવીને બોલી... જુવોને નઝીરભાઇ આ મીઠી લીંબડીના પાન લેવા જઉ છું. તમારા ભાઇ કઢી મીઠી લીમડીના પાન વગરની ખાતા જ નથી. મારી બન્ને વહુઓ કામમાં છે. મેં કહયું લાવો હું જ લઇ આવું... આટલું બોલીને નવરી અટકી એટલે નઝીરભાઇએ કહયું... ભાભી શું હાલચાલ છે ગામના? ભાઇ હાલચાલ તો શું હોય... ઘરઘર કી કહાની... કાગડા બધે કાળા પણ તમારી જ વાત કરોને? આજે દોઢેક વરસ થવા આવ્યું... પેલી તમારી પહેલા ખોળાની પારકી જણીને દિકરી બનાવેલી એ ઝરકીને એનો ધણી મુઆ ઉધારપગા તમારા ઘરમાં હાથફેરો કરીને અળધી રાતે જતા રહયા. ભાઇસાબ તમે એવા નપાવટને ભુલી ગયા કે શું? ઉ... તમને બો ના કેતીતી એક બે વાર તમારી નઝમાને પણ મેં કીધેલું... પણ તમે એવા ઉધારપગાનો આંધળો વિશ્વાસ કર્યોને દિકરી સાલેહાના ઘરેણા ને રોકડા રૂપિયા લઇને કયાં પલાયન થઇ ગયા આજે પણ છે ભાળ એઓની? ભાભી ચલો જે થવાનું હતું તે થઇ ગયું. જેવું મારૂ નસીબ... પણ નઝીરભાઇ તમારી નઝમાના ભાઇ ખાતેપીતે સધ્ધર છે તો તાત્કાલીક સાલેહાના લગ્નમાં કોઇ અડચણ ન આવી... બાકી મારા જેવીના ઘેર આવુ થાય તો અમે મરી પરવારીયે.

નવરી ડોશી વાત લંબાવતે પણ કઢી વહુ બનાવી નાખે અને ડોશી મોડી પહોંચે તો વહુ એનો ઉઘડો લઇ નાંખે એ યાદ આવ્યું હોય એમ નુરી ભાભી ઉભી થઇ. નુરી ભાભી તો શાંત સરોવરમાં કાંકરીચાળો કરીને ઉપડી એના કામે પણ નઝીરભાઇના મનમાં દોઢેક વરસો પહેલા પોતાના ઘરમાં બનેલો એક પ્રસંગ એકાએક નજર સમક્ષ ખડો થયો અને નઝીરભાઇ લીમડાની છાંયે ઠંડીઠંડી લહેરકીઓ વચ્ચે વિચારે ચઢયા.

આજથી લગભગ ત્રણ સાડાત્રણ વરસ પહેલાની આ વાત છે. અમારૂ ગામ તાલુકાનું છેવાડાનું. દિવસમાં સવાર-બપોર-સાંજ શહેરમાંથી ફકત ત્રણ વખત એસટી બસ ગામમાં આવે. મારો દરરોજ સાંજે બસ આવવા પહેલા સાંજે પાદરે આંબલીના ચોળે બેસવા જવાનો નિત્યક્રમ. એક દિવસે સાંની એસ-ટી આવી. ગામના હટાણે (બજારે) ગયેલા લોકો એકર-બેકર ઉતર્યા અને બસ ખાલીખમ ફરી શહેર જવા ઉપડી... ત્યાં ઉગમણી દિશાએથી પગપાળા બે જણ એક પુરૂષ- એક સ્ત્રી અમારી સામે આવીને ઉભા. પેલા પુરૂષે સીધુ જ અમને પુછયું... દાદા... કામની તલાશમાં નિકળ્યા છીએ... માથે ચોમાસુ ઉભુ છે અને આ મારી પત્નિ ભારેપગે છે... એ બોલતો હતો ત્યાં જ મારી નજર જરા દુર ઉભેલી એ સ્ત્રી તરફ મંડાય. સાચે જ ગાગર જેવું એનું પેટ પેલા પુરૂષની સત્યતાની સાક્ષી પુરી રહયું હતું. કયા ગામથી અને કયાંના? અમારા અંદરથી એકે પેલાને પ્રશ્ન પુછયો... મોટા આમ તો અમે મારવાડ પાસેના એક ગામડાના છીએં... રોજીની તલાશમાં નીકળેલા છીએં. પેલા પુરૂષની વાત સાંભળી ચોળે બેસેલા એક-બીજા સામે જોવા લાગ્યા... એમાનો એક બોલ્યો... જો ભાઇ અમારે ત્યાં તો ચાકર છે... અમારે જરૂર નથી... ત્યાં હું બોલ્યો... શું નામ તારૂ? મારૂ નામ ગુલુ ગુલામનબી અને મારી પત્નિનું નામ ઝરી... ઝરીના... ઝરીએ મારા તરફ હાથ જોડયા... મને એ ઝરીની આંખમાં

યાચના જણાઇ... મેં કહયું... જો ગુલુ મારા ઘેર એક લાકડાની જમીન છે... ચાકર પણ છે છતાં ચાલ કામકાજ માટે એક માણસ અને એક બાઇની જરૂરત મારે છે જ... ચાલો મારી પાછળ-પાછળ આવો એમ કહી હું એ બન્નેને લઇને મારા ઘેર આવ્યો. નઝમાને આખી હકીકત જણાવી અને મારા ઘરના પછવાડે એક ખાલી ઓરડીમાં એમને ઉતારો આપ્યો. ચોળેથી લઇને એ બન્નેને ઘર તરફ મેં પગ ઉપાડયા ત્યારે ત્યાં બેઠેલા માંથી એકજણ બોલેલો પણ કે યાર આવા ઉઘાડપગાને નઝીરભાઇ લઇ તો ચાલ્યો...પણ યાદ રાખજો મહિનામાંજ પેલીને સુવાવડ આવહે ને નઝીરભાઇને વગર બૈરે સુવાવડ જેવુ થશે. બધા ખડખડાટ હસી પડેલા.

નઝીરભાઇ ઘરમાં પ્રવેશ્યા કે નઝમાએ આંખોના ઇશારે પુછયું... આ કોણ? જો નઝમા આ લોકો પરદેશી છે. કામની તલાશમાં હતા અને હું એઓને લઇ આવ્યો... આટલું નઝીરભાઇ બોલ્યા કે ઝરીએ બન્ને હાથ જોડયા... સ્ત્રીસહજ દયાભાવ નઝમાને જાગ્યો ઝરીના પેટ ઉપર અછડતી નજર પણ પડી. જો નઝુ આપણા વાડામાં પેલા ઘરમાં એઓ રહેશે. આમ પણ આપણાને ખેતરમાં બીજા હારીની જરૂર હતી અને આ બાઇ તને ઘરકામમાં મદદ કરશે. નઝુએ પતિને કંઇ કહયું નહીં અને બંન્ને વાડામાં મકાનમાં ઉતારો આપ્યો અને નઝીરભાઇ બોલ્યા... બે-ત્રણ દિવસ અમારી જોડે જમજો... પછી તમારો ચુલો સળગાવજો. નઝમાએ પણ વિચાર્યુ ખેતી કામમાં માણસની કાયમ તાણ રહેતી ભલે આ લોકોને રાખ્યા. સવારે નઝીરભાઇએ ગુલુ જોડે પગારની વાતચીત કરી મહિનાના આટલા એમ નકકી થયું અને એક નવો પરિવાર જુના મકાનમાં સ્થાયી થયો. ગુલુ ખેતરનું સંભાળતાત તો ઝરી આવા હાલે પણ નઝમા અને દિકરીના કામમાં સહાય કરતી અને બીજા જ મહિને ઝરીએ એક દિકરાને જન્મ આપ્યો. ઝરીને શાહેરની હોસ્પિટલમાં નઝીરભાઇ જ લઇ ગયેલા અને સુવાવડનો ટોટલ ખર્ચો નઝીરભાઇએ જ સવાબની આશાએ ચૂકવ્યો.

ઝરી હવે દિલથી નઝીરભાઇના ઘરમાં કામ કરવા લાગી. બાઇ લાવો હું આ કરી આપું... સાલેહા બેન લાવો તમારૂ ફલાણું કામ કરવા લાગુ... આમ ધીરે ધીરે વરસ દિવસમાં તો ઝરી અને ગુલુ જાણે નઝીરભાઇના ઘરના સભ્યો ન હોય એમ એમની સાથે ભળી ગયા. ઝરીનો નાનો છોકરો પણ હવે પા-પા પગલી કરવા લાગ્યો. ઝરી નઝીરભાઇને દાદા કહેતી... ઝરી સવારે ઉઠીને આંગણા સહીત આખુ ઘર સફાઇ કરતી પછી બે ભેંસો દોહતી નઝીરભાઇને સવારે ચ્હા નાશતો ઝરી જ આપતી. નઝીરભાઇ મનમાં વિચારતા આવી અજાણી આ ઝરી કયા લાગણીનાં બંધને બંધાઇને મારી સેવા કરી રહી છે! તો ઝરીને તો જાણે સગા મા-બાપ અને બહેન મળ્યાનો હરખ હૈયે સમાતો ન હતો. ઝરી રાત્રે સુતી વખતે વિચારતીયે ખરી... ખુદાયા... દરબદર એટલું રખડયા કે હવે અમારે નિરાંત મળી... મારા દાદાનો સંસાર સુખરૂપ રાખજે અને એ મારા દાદાને ખુબ ખુબ આપજે... બાકી આવા કારમા સમયમાં સગો સગાનો નથી ત્યાં આ દાદાએ મને આશરો આપ્યો. મારા દાદાનું કાયમ ભલુ કરજો ખુદાપાક. કાયમ આવી આવી દુવા માંગીને જ ઝરી સુતી.

ટુંકમાં ઝરી અને ગુલુ મારા પરિવારમાં દુધમાં સાકર ભળે એમ ભળી ગયા. પછી મારી સાલેહાનું સગપણ થયું ત્યારે પણ ઝરીએ ખુબ ખુબ અમારા કામમાં મદદ કરી. આવા માણસોને શું કહેવુ... પેટમાં પેસીને પગ પહોળા કર્યા એમના... મારી સાલેહાના લગ્ન જાન્યુઆરીમાં નકકી થયા... જે હજુ બે મહિનાની વાર હતી. સાલેહા માટે મેં દશ તોલા જણસ બનાવીને તૈયાર રાખી હતી અને એક દિવસ મારા વેવાઇની દિકરીના લગ્ન લેવાયા એમાં અમારે ત્રણ દિવસ અચૂક જવાનું થયું. મારૂ ઘર ગુલુ-ઝરીના ભરોસે સોંપીને અમે ગયા ત્રણેવ સાલેહાના સાસરે અને વેવાઇને ત્યાં હજુ પહોંચ્યા કે બીજે જ દિવસે સવારે મારા ચાકરે ફોન કર્યો કે મોટા... ઝરી અને ગુલુ ઘરમાં નથી અને ઘર ખુલ્લુ મુકીને એ લોકો રાતોરાત પલાયન થઇ ગયા છે તમો જલ્દી આવો. ચાકરના ફોને અમે તરત ઘેર આવ્યા. ગામલોક અમારે આંગણે ટોળે વળ્યું. ઘરમાં મેં જોયું તો દિકરીના ઘરેણા અને દશ લાખ રૂપિયા જે તિજોરીમાં બંધ હતા, પણ ચાવીઓ ઝરી પાસે

હતી એ પણ ગાયબ. નવરી ડોશી ઘરમાં પ્રવેશી અને જાણવાજોગ માહિતી એકઠી કરી એક એંકરને છાજે એમ બહાર ઉભેલા માણસોને સમાચાર પીરસવા માંડી. દશ તોલા સોનું ને દશ લાખ રોકડા લઇને મુઆ ઉઘાડપગા પલાયન થઇ ગયા. મેં તો નઝીરભાઇને ના જ કહેલું પણ મારૂ સાંભળે કોણ? (તારૂ ઘરમાં તારી વહુઓ નથી સાંભળતી તે કેમ નથી કેતી... એક જણી બીજીને ધીમેથી કહેવા લાગી) નઝીરભાઇને ગામ લોકોએ પોલીસમાં કમ્પલેન લખાવાની સલાહ આપી. નઝમા ભાભી અને સાલેહા રડી રહયા હતા... અરે... મુઇ... હું ગમાર કે આવા અજાણાંને ઘરમાં ઘાલ્યાને આજે હાથફેરો કરીને ભાગી ગયા... એની હુવાવડ મેં કરાવેલી એટલીબી એને શરમ નહીં? આ બોલતા બોલતા નઝમા ભાભી રડી રહયા હતા. પોલીસમાં કમ્પલેન કરી ગામ લોકોએ ખાસ કરીને અમારા ગામનો માથાભારે સલીમ લંગડો અને એની ટોળકી આસપાસના ગામો ખુંદી વળી પણ ઝરી-ગુલુનો કંઇ પત્તો ની લાગ્યો. ઉતરી પડયા હશે મારવાડ તરફ ત્યાં કોણ શોધવા જાય? ગમે એમ કરીને મારી સાલેહાના લગ્ન કર્યા. ફરી નવેસરથી ઘરેણા લાવવા પડયા... પૈસા પણ શોધવા પડયા... પણ સાલેહાના લગ્ન ધામધુમથી કરવાના કોડ અમારા મનમાં જ રહી ગયા અને અત્યંત ઓછા ખર્ચે સાદગીથી મેં મારી દિકરીને વિદાય કરેલી. આજે આ વાતને પણ દોઢેક વરસ થયો. જયારે જયારે એ લબાડના વિચાર કરું ત્યારે મારૂ આખુ શરીર ધ્રુજી ઉઠે... કે આવાઓનો ભરોસો કરીને મેં જાતે મારા પગ ઉપર કુહાડી મારી હતી.

સમય પતંગીયાની પાંખે વહેતો રહયો. ઝરી અને ગુલુના કંઇ ખબર કે વાવડ કયાંય મળ્યા નહીં. સલીમ લંગડો એની સ્ટાઇલથી શોધખોળ કરી કરીને થાકી ગયો. સલીમ લંગડો માથાભારે ખરો પણ પોતાના ઇલાકાનો. અંતે આ વાતને પણ બે-એક વરસ થયા. ઝરી અને ગુલુ ભુલાવા માંડયા. પોલીસ તપાસમાં પણ કંઇ સુધર્યુ નહીં અને એક દિવસ સવાર સવારમાં દશેક વાગ્યે હું બહાર બેઠો હતો ને નવરી ડોશી ફરી લીંબુ લેવા નિકળી અને મારી પાસે વાતોએ વળગી હતી કે ટપાલી એક કવર આપવા આવ્યો. આ મોબાઇલ ના જમાનામાં નઝીરભાઇ આ કવર કોણે લખ્યું? નવરી બોલી... એટલે કવર ખોલ્યું તો એક પત્ર હતો એમા... એમા લખ્યું એ હું વાંચી રહુ ત્યા સુધી નવરી સુનમુન ઉભી રહી... પત્રમાં લખ્યું હતું.

મારા વ્હાલા... દાદા... તમને એમકે આ કાગળ કોણે લખ્યું હશે! દાદા તમારો મોબાઇલ નંબર મારે હૈયે ચીતરાયેલો છે છતાં હું આ કાગળ મારફતે તમને જણાવું કે તમને એમ હશે કે અમે તમારા ઘરમાં ચોરી કરીને ભાગી ગયા. પણ સાચી વાત એ કે જે રાત્રે તમો લગ્નમાં ગયા ત્યારે રાત્રે સલીમ લંગડાએ બારણું ખખડાવ્યું. અમે સહજભાવે બારણું ઉઘાડયું તો સલીમ એના સાગરીતો જોડે ઘરમાં પ્રવેશ્યો અને મારા છોકરાના ગળે ચાકુ મૂકી મને ચાવી આપવા જણાવ્યું ને દાદા સાલેહા બેનની જણસ અને રૂપિયા લઇને જતા જતા મારા ગુલુને એક લાત મારીને મારા વાળ પકડીને કહે... હમણાં ને હમણાં પલાયન થઇ જવો... અને જો સવાર સુધી આ ગામમાં કે ઘરમાં રહયા તો મરી ગયા સમજો... ને દાદા અમે રાતો રાત નિકળી ગયા. આજે અમે કયાં છીએં કેવા છીએં એ કંઇ જણાવતી નથી... બસ... તમારા અપાર એહસાન અમારી ઉપર છે. મેં વિચાર્યું હતું કે મારા દાદાની છત્રછાયામાં જ અમે અમારૂ જીવન પુરૂ કરશું પણ કદાચ ઉપરવાળાને એ મંજુર ન હતું... બસ... ઘરમાં સહુને મારા સલામ...

લિ. તમારી અભાગી દિકરી ઝરી...

કાગળ ઝરીનો વાંચીને નુરી ભાભી પણ અચંબામાં પડયા. નઝમા પણ વિચારમાં પડી... તો શું અમારા ઘરમાં ચોરી સલીમ લંગડાએ કરેલી! અને સલીમ લંગડો તો આજે કોઇ મર્ડરના આરોપમાં સબજેલમાં છે... કહેવું તો કોને કહેવું... નવરી ડોસી લીંબુ લેવા જતી હતી ને ગોળનું ગાડુ મળી ગયું એમ લીંબુ ભુલીને ઝરીના સમાચાર એણે અળધા કલાકમાં ગામ આખામાં ફેરવી દીધા... મુંઇ ઝરી હતી તો ઇમાનદાર જ પણ મેં જ એને આવી જાણી... નઝમા રડતા રડતા બોલી પડી. અને તણખલા જેવા ઝરી - ગુલુની વાતો ગામ લોકો... પણ દુ:ખી થયા. ■

## MAULANA YUSUF PIPRAWALA R.A. (1924–2025)

Barbados' First Muslim Gujarati East-Indian Centenarian

A Pioneer, Scholar, and Servant of the Faith

Born on July 17, 1924, in the quiet village of Kaphleta, District Surat, Gujarat, India, Maulana Yusuf Piprawala was destined to lead a life of profound dedication to Islamic scholarship and missionary work. The son of Hafiz Mahmood and Hawabu, Maulana Yusuf grew up in a household that valued religious learning. Although his father was not a Hafiz, he possessed deep knowledge of the Holy Qur'an and spent many years teaching in the villages of Dummas and Lajpur.

Maulana Yusuf received his early religious and secular education in Kaphleta, before enrolling at Darul Uloom Dabhel at the age of 16. There, under the tutelage of the esteemed Maulana Yusuf Binori, he immersed himself in Islamic sciences and graduated on January 21, 1948. Following his graduation, he began teaching at the Madrasah in his hometown and later returned to Darul Uloom Dabhel to teach Hifz (Qur'an memorization) for four years.

His deep spirituality and calling for religious propagation were awakened through an encounter with the Tablighi Jamaat in Navsari, where a moving speech by Qazi Abdul Waheb Saheb led him to dedicate himself to the Tabligh mission. In Ramadan, at the age of 30, he set out on his first 40-day Tablighi journey from Delhi to Mewat a decision that would chart the course of his life's purpose.

In March 1965, Maulana Yusuf arrived in Barbados at the invitation of his brother, Saeed Piprawala, to assume the roles of Imam of Jama Masjid and teacher at Madressah Quvvatel Islam, both located on Kensington New Road in Fontabelle. With limited means, he relied on the generosity of his brother for nine years before gaining Barbadian citizenship in 1974. Two years later, his wife and children joined him from India.

Maulana Yusuf introduced the transformative work of Tabligh to the Muslim community in Barbados, a practice previously unfamiliar to them. His initiative began with simple Gusht visits home visits after Maghrib prayers to invite individuals to the Masjid for Esha and the Bayan (Islamic talk). His speeches were stirring, filled with sincerity and spiritual depth, touching hearts and inspiring positive change within the community.

In September 1968, he led the first Tabligh Jamaat from Barbados a group of fifteen men to Guyana and Suriname via Trinidad, marking the expansion of the mission to the broader Caribbean and South America.

Maulana Yusuf became a beacon of spiritual discipline and guidance. He urged Muslims to anchor their lives around the Masjid, a place he saw as vital for the nourishment of Iman (faith). His son, Mufti Bashir, recalls him as a loving father, yet unwavering in his commitment to Islamic principles. In their modest home in Kaphleta, with no electricity, they studied the religion by the glow of a kerosene lamp guided by their father's patience and steadfastness.

Over the span of 15 years, he served as the Imam of Jama Masjid and spent 40 years teaching at Madressah Quvvatel Islam, nurturing generations of young Muslims in Barbados. Through his long-standing service, he officiated numerous marriages, delivered countless sermons, and led many funeral prayers, earning the deep respect and admiration of the Muslim community.

In recognition of his immense contributions, Jama Masjid and its congregation honored Maulana Yusuf, celebrating his enduring commitment to Islamic knowledge and propagation.

Today, Maulana Yusuf Piprawala stands as Barbados' first Muslim Gujarati East-Indian centenarian, a man who has lived a century in the service of his faith and community. His legacy is etched in the hearts of those he taught, inspired, and guided.

May Almighty Allah accept all his sacrifices, bless him with strong Iman and health, forgive his shortcomings, and grant him the highest station in Jannat-ul-Firdaws. Ameen.

**Presented by :- Mr. Ahmed Ismail Vawda - London, U.K.**



## Sulemanbhai Nagdi UK Receiving an Honorary Doctorate of Laws

We are delighted to extend our heartfelt congratulations to **Janab Sulemanbhai Nagdi, MBE, DL**, Leicester, UK a long-standing community advocate, respected colleague, and inspirational leader, on being awarded an **Honorary Doctorate of Laws** by the **University of Leicester**, United Kingdom.

Originally family from **Kacholi**, Surat District, Gujarat, Sulemanbhai has dedicated over four decades to public service. This prestigious recognition reflects his unwavering commitment to **justice, social cohesion, interfaith harmony, healthcare advocacy, and charitable service**. His impactful work has left a profound and lasting mark on both **local and national communities** across the UK.

Sulemanbhai's leadership in key organisations such as the **Federation of Muslim Organisations (FMO)**, **Muslim Burial Council of Leicester (MBCOL)**, and the **National Burial Council (NBC)** has brought together people from diverse backgrounds and faiths in the pursuit of justice, dignity, and mutual understanding. His efforts have influenced **policy discussions** and helped build stronger, more inclusive communities.

That this recognition comes from the **University of Leicester** adds even greater significance. Sulemanbhai has worked closely with academic and civic leaders on impactful projects—ranging from **forensic medicine** to **interfaith collaboration**—demonstrating how partnerships between communities and institutions can produce transformative results.

We join the wider community in celebrating this honour, and we offer our sincere **duas** (prayers) for Sulemanbhai's continued health, success, and service to society. **Mubarak and well deserved!**

**Presented by :- Mr. Yusufbhai Sidat - Leicester,U.K.**




## ISMAIL BHAI PATEL, called for ICC meeting at Singapore

Mr.Ismail bhai patel,invited by ICC, at Singapore meeting, he is president of Panama cricket association, Panama country cricket team is qualified by ICC every two years Panama National Cricket team playing T20 world cup matches, it's a great credits for panama cricket team, league cricket of panama also playing under rules and regulations of ICC,well organized.



## Hafiz Mohammad Manjra (Diva)

Grade:-12 became #1 in 250 students of David Mary thomson School, Canada.

Hafiz Mohammad Manjra has won 6 awards as are follows:

- Governor General of Canada's Bronze Academic Award: Awarded to the Grade 12 graduating student with the highest average upon graduation.
- A.B. Patterson Memorial Award: Awarded to the top graduating Grade 12 student
- The Principal's Award for Student Leadership - OPC: Awarded to the student who has shown exceptional leadership and has achieved excellence in all aspects of school life
- Top 3 Students Award: Awarded to the top 3 students of the graduating class.
- Grade 12 Advanced Functions Award: Achieved the highest grade in this course amongst all students (99%)
- Grade 12 AP Biology Award: Achieved the highest grade in this course amongst all students (98%)

# યુનાઇટેડ ફેમિલીઝ વેલ્ફેર ટ્રસ્ટ (UFWT) લંડન દ્વારા વાર્ષિક ચેરિટી કાર્યક્રમ



**યુનાઇટેડ ફેમિલીઝ વેલ્ફેર ટ્રસ્ટ (UFWT) લંડન** દ્વારા **૧૩ જુલાઇ ૨૦૨૫** ના રવિવારના રોજ પૂર્વ લંડનના ઇન્ડિયન મુસ્લિમ ફેડરેશન હોલ ખાતે **વાર્ષિક ચેરિટી** કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં ટ્રસ્ટના યુ.કે. પ્રમુખ **જનાબ યુસુફભાઇ મેમાન સા.** અને લંડનમાં રહેતા **જનાબ અહમદભાઇ વાવડા સા.** સહિત લગભગ **૧૨૦** લોકોએ હાજરી આપી હતી.

આ કાર્યક્રમ માટે ખાવાની વ્યવસ્થા લોલા-અલ્વી કબાબ એન્ડ કેટરિંગ લંડન દ્વારા ખૂબ જ સસ્તા દરે પૂરી પાડવામાં આવી હતી, જેનો બધાએ આનંદ માણ્યો હતો. ઇન્ડિયન મુસ્લિમ ફેડરેશન દ્વારા પણ હોલને અનુકૂળ દરે ભાડે આપીને ફાળો આપવામાં આવ્યો હતો.આશ્ચર્યજનક વાત એ હતી કે જયારે દુનિયા શાંત ચિત્તે થઇ રહેલા નરસંહારને જોઇ રહી હતી, ત્યારે મહેમાનોએ ગાઝામાં યુદ્ધના પીડિતો માટે નાણાં એકત્ર કરવા માટે ખૂબ જ ઉદારતાથી દાન આપ્યું. ગયા વર્ષની જેમ અમે **૨ હજાર** પાઉન્ડથી વધુ ભંડોળ એકત્ર કર્યું.

**(UFWT),** લંડન આ કાર્યક્રમનું આયોજન કરનાર સમિતિના સભ્યો અને સ્વયંસેવકોનો અને અમારા મહેમાનોનો તેમની હાજરી બદલ આભાર માનવા માંગે છે.

અલ્લાહપાક અમારા પ્રયત્નોને સ્વીકારે અને ગાઝાના લોકો, ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધોના દુ:ખને હળવું કરે. **આમીન.**

**United Families Welfare Trust, (UFWT) London had their annual charity event on Sunday, 13th July at Indian Muslim Federation Hall in East London. It was attended by around 120 people, including the UK President of the Trust Mr Yusufbhai Meman and Ahmadbhai Vawda, the Vohra Samachar member living in London.The food catering was provided by Lola - Alvi Kebab & Catering London, enjoyed by all, at highly subsidised rate for the event. The Indian Muslim Federation also contributed by letting the hall at favourable rate. What was so amazing was that the guests gave donations very generously to raise the money for the suffering victims of war in Gaza while the world watches the genocide taking place in muted silence; like last year, we collected over a Two thousand pounds. UFWT, London would like to thank the committee members and volunteers to organise the event and our guests for their attendance; it was a time to enjoy as well as to remember our fellow human beings suffering in Gaza. May Allah accept our effort and ease the suffering of people in Gaza, especially women children and the elderly, Aamin.**

# દેશ-વિદેશના સમાચાર

## તરાજ

**ખુશ આમદીદ (જન્મ) :-** મૌલ્વી અન્ઝર બદાત ને ત્યાં છોકરા નો જન્મ થયો છે નામ મુસઅબ રાખ્યું છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** ઇબ્રાહીમ અહમદ કારા (દાના) નો ગામ ખાતે તથા ઝુબેદા યુસુફ અમેજી નો યુ.કે. ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

**પરદેશથી આગમન :-** હા. સાજીદ હસ્તા એમની અહેલીયા સાલેહા બહેન તથા દુખ્તરો આમેના, બુશરા અને બરીરા સાથે યુ.કે.થી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન :-** ઇમરાન ઇસ્માઇલ ભામજી કેનેડા પરત, અહમદ ઇમ્તિયાઝ કારા બાર્બાડોઝ પરત તથા ફાતેમા ઇબ્રાહીમ આકુજી વતનની ટુંકી મુલાકાત લઇ યુ.કે. પરત ગયા છે.

## ઇટાળવા

**ઇન્તેકાલે પુરમલાલ :-** મૌલાના અશરફ સુલેમાન પાંડોર નો યુ.કે. ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.)

**પરદેશથી આગમન :-** યુસુફ ઇસ્માઇલ કારા એમની અહેલીયા અમીના બહેન સાથે પનામાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન :-** અહમદ ઇસ્માઇલ કારા, મોહમદ ઇકબાલ કારા, હાફસા ઇકબાલ કારા વતનની ટુંકી મુલાકાત લઇ પનામા પરત, હનૈયના અ.રશીદ હાફેજી બાર્બાડોઝ, હસીના અ.ગની હાફેજી તથા ઝકરીયા યુનુસ પાંડોર યુ.કે. ની શુભેચ્છા મુલાકાતે ગયા છે.

## કોસંબા

**પરદેશથી અગમન :-** સમીમ યુસુફ મોતાલા એમના ફરજંદ સાથે યુ.કે. થી તથા સોહેલ મોહંમદ માસ્તર મલાવીથી આવ્યા છે.

**ઉમરાહ મુબારક :-** જ. યુસુફ ઇશાકજી પટેલ સા. સાવાવાલા ફેમિલી સાથે ઉમરાહ કરી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન :-** ગામના સરપંચ યાસ્મીન બહેન

## બાટલી - યુ.કે.

**રજુ કર્તા :- જ. મોહંમદભાઇ પાંડોર સા. જીતાલીવાલા**

**શાદી મંગણી :-** મુહમ્મદ સઇદ રાવત થાલાવાળાની શાદી ખદીજા સાથે થઇ છે.

**ઇન્તેકાલે પુરમલાલ :-** ખદીજા ઉમરજી ખોલવડવાળા નો તથા ફરીદા શબ્બીર બોબાત ડુંગરીવાળા નો ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**ઉમરાહ મુબારક :-** હારૂન સુલેમાન કોલા લાજપોરવાળા ફેમિલી સાથે ઉમરાહ કરીને આવ્યા છે.

**મુબારકબાદ :-** યુસુફ યાકુબ કોલા લાજપોરવાળા ડયુઝબરી મરકઝ માંથી આલીમ થયા છે. જેની યાદમાં મરકઝ પર તા.૧૦.૭.૨૦૨૫ ના રોજ યાદગાર જલશો રાખવામાં આવ્યો હતો અને સાંજે અલહીકમા સેન્ટરમાં લાજવાબ ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો.

**અન્ય :-** તા.૧૨-૧૩ જુલાઇ ૨૦૨૫ ના રોજ ડયુઝબરી મરકઝ પર ઇજતેમા થયો હતો. આ પ્રસંગે લાજપોરના હાફેઝ નઝીરઅહમદ ઇસ્માઇલ કોલા તરફથી મરકઝની બાજુમાં આવેલ એમના ઘરની બહાર વહેલી સવારથી સાંજ સુધી બે દિવસ મરકઝ પર આવનાર તમામને રાત સુધી મફત નાસ્તો, ચા, કોફી, ઠંડા પીણા, પાણી, કબાબ, સમોસા, ભજીયા, બટાકાવડા, હલવા-પુરી-ચણા અને બીજી અનેક વાનગીઓ મફત આપી હતી. નઝીરભાઇ જાણીતા મોટા વેપારી છે. એઓ એમના મર્હુમ વાલીદ સાહેબની જેમ ખુબ મોટા દીલના છે.

ફૈઝલ દાવજી યુ.કે., સુલેમાન ઐયુબ સીદાત ફેમિલી સાથે પેરીસ, બીન્યામીન યાકુબ કોલ્યા મલાવી તથા મૌલાના સઇદ મોહંમદ બાવા ઝામ્બીયા ગયા છે.

## કાંકરીયા

**શાદી મંગણી :-** ઝામ્બીયા નિવાસી અલ્તાફ યુસુફ વરાછીયા ની શાદી રેઠવાણીયા મુકામે શબીના લંબાત સાથે થઇ છે.

**ખુશ આમદીદ (જન્મ) :-** મહમદ શબ્બીર વરાછીયા ને ત્યાં છોકરીનો જન્મ થયો છે નામ મીરહા રાખ્યું છે.

**પરદેશથી આગમન :-** અલ્તાફ યુસુફ વરાછીયા ઝામ્બીયાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**હજ મુબારક :-** રફીક ઇબ્રાહીમ લુણત ફેમિલી સાથે હજ પઢી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન :-** હાસીમભાઇ સીદાત, ઇસ્માઇલ હાફિઝ ઇબ્રાહીમ લુણત યુ.કે. તથા ઇસ્માઇલ મહમદ સઇદ લુણત વતનની મુલાકાત લઇ ઝીમ્બાબ્વે પરત ગયા છે.

## કાપોદરા

**શાદી મંગણી :-** મહમદઅલી લુલાત ની દુખ્તરની શાદી નાનીનરોલી મુકામે થઇ છે.

**પરદેશ ગમન :-** મૌલાના ઇસ્માઇલ પટેલ (રઇસ) કેનેડા-ઝામ્બીયા-યુ.કે.ની શુભેચ્છા મુલાકાતે તથા ક્રિકેટર સાદ લુલાત ઝામ્બીયા ક્રિકેટ રમવા ગયા છે.

## બલેશ્વર

**પરદેશથી આગમન :-** ઇમ્તીયાઝ મોહમદ પટેલ ફેમિલી સાથે બાર્બાડોઝથી વતનની મુલાકાતે આવ્યા છે.

**ઉમરાહ મુબારક :-** યુસુફ ઇસ્માઇલ પટેલ ફેમિલી સાથે ઉમરાહ કરવા ગયા છે.

**અન્ય :-** સુન્ની મુસ્લીમ વહોરા જમાત, બલેશ્વરની જનરલ મિટીંગ તા.૨૮.૬.૨૦૨૫ ના રોજ ઇશાની નમાઝ બાદ મદ્રેસા તાઅલીમુલ ઇસ્લામના હોલમાં મળી હતી. જેમાં નવા બે ટ્રસ્ટીઓની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી છે. (૧) જ. યુસુફ ઇસ્માઇલ પટેલ સા. અને (૨) જ. મોહમદ ફારૂક બદાત સા.

## કઠોર

**પરદેશથી આગમન :-** ઇરફાન ઇસ્માઇલ અમલા સા.આફ્રીકાથી, મસુદ અમલા, મોહમદ બાબુ સુરતી ફેમિલી સાથે યુ.કે.થી, ઇબ્રાહીમ ગોરા અસમાલ અમેરીકાથી, અહમદ રાંદેરી ફેમિલી સાથે, આસીફ નાના તથા અમીના બશીર ડોબા કેનેડાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન :-** યુસુફ ઇશાક ફેમિલી સાથે, રીઝવાન ઇબ્રાહીમ ઉમર, પરવેઝ કાસીમ ઢલેચ કેનેડા, ઇબ્રાહીમ હાસીમ હાંસા અમેરીકા, સલીમ કાજી ફેમિલી સાથે, સુફીયાન સુલેમાન ડોબા, સોયેબ મેહમુદ હાફેજી, મેહમુદ ઇ. હાફેજી, અમીના ઉમરજી, હુમેરા ઉમરજી તથા શકીલા યુસુફ ઢલેચ યુ.કે. ગયા છે.

**ઉમરાહ મુબારક :-** મુઆઝ સુલેમાન ડોબા એમની અહેલીયા નઇમા સાથે, મોહમદ કાસીમ ઢલેચ, સુલેમાન કાસીમ ઢલેચ ફેમિલી સાથે, શાહીન અફઝલ ઢલેચ તથા ફરીદા યાહયા હાફેજી એન્ડ ફેમિલી ઉમરાહ કરવા ગયા છે.

**અન્ય :-** કઠોર મઝલીસે ઉલમા ટ્રસ્ટ દ્વારા એક દીની મઝલીસનું આયોજન ઓરતો માટે કઠોર ફીલેન્થ્રોફીક એસોશીયેશનમાં અને મર્દો માટે બદાત મસ્જીદમાં ઇશાની નમાઝબાદ રાખવામાં આવ્યું હતું. જેમાં ડાભેલનાં મુફતી હીફઝુર રેહમાન સા. એ બન્ને મઝલીસ દીનની રોશનીમાં હાલનાં સંજોગોમાં આપણી બહેન-દિકરીઓ જે ઇમાનથી મેહરૂમ થઇ જાય છે તેઓને નસીહત કરી. માં એ

## મુબારકબાદ

સુરતના વતની સામાજીક કાર્યકર **જ.ફઝલ મહેમુદ મોતાલા સા.** ના ફરજંદ **મોહંમદ મોઇન મોતાલા** (સ્થાપક- First Front Solar Energy) એ **Best Solar Design Consultant of the year 2025** નો એવોર્ડ મેળવ્યો છે અને ખાસ વાત એ છે કે આ એવોર્ડ એને સતત ચોથી વખત મળ્યો છે. **તે બદલ મુબારકબાદ.**

પોતાની દિકરીઓની ખાસ ફીકર કરવી તથા મર્દોમાં નવ-યુવાનોને આવનારા દિવસો કઠીન હોય તેઓને પોતાનાં ઇમાનને મજબુત કરવા તથા આવી મઝલીસો કરનારા કાબીલે તારીફ છે.

## વરીયાવ

**ઇન્તેકાલે પુરમલાલ:-** ધી વરીયાવ મધા વોટર વર્કસના મેમ્બર નાશીર આજમ મધા નો અમેરીકા ખાતે, સુલેમાન (શોલી) કાસમ માયતના દિકરી શબાના નો સા.આફ્રીકા ખાતે, હાફેજ શાહજહાભાઇ સુરઇ નો કરાંચી ખાતે તથા સાજીદ મેહમુદ કોલાના વાલેદા સારાબીબીનો ગામ ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ.લી.)

**પરદેશથી આગમન:-** અહમદ (મુન્ના) મહમદ ભાઇમીયા તથા ઉમરફારૂક મહમદ ભાઇમીયા ફેમિલી સાથે સા.આફ્રીકાની મુલાકાત લઇ વતન પરત આવ્યા છે.

**હજ મુબારક:-** ઇશાક (ગોરા) જીનવાલા ના દિકરી ઝુવેરીયા ઇમરાન પાંચભાયા ફેમિલી સાથે હજ પઢી કેનેડા પરત ગયા છે.

**પરદેશ ગમન:-** મેહમુદ (નાશીર) દાવુદ મપારા, ઇબ્રાહીમ (ઇભુ) ઉમર માંજરા તથા દાવુદ ઇબ્રાહીમ (લાલુ) માયત ના અહેલીયા ફાતમાબીબી ફેમિલી સાથે વતનની મુલાકાત લઇ યુ.કે.પરત ગયા છે.

**અન્ય:-** તા. ૨૯.૬.૨૦૨૫ ના રવિવારના રોજ વરીયાવ મેહફીલ નુરૂલ ઇસ્લામની વાર્ષિક સભા જ. અ.રહમાન (અનીશ) દાવજી સા.ના પ્રમુખપદે ભેગી મળી હતી. જેમાં આગામી ૧ વર્ષ માટે નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂંક થઇ છે. જ. સુલેમાન યાહયા આટીયા સા.- પ્રમુખ, જ. મો.અફઝલ (આસીફ) ઇસ્માઇલ કોલા સા.- ઉપ પ્રમુખ, જ. સુહેલ સુલેમાન ઇશાભાઇ સા.- સેક્રેટરી, જ. ઇબ્રાહીમ યાકુબ ખાંડીયા સા.- જો.સેક્રેટરી, જ. યુસુફ મહમદ મપારા સા.- લાઇબ્રેરીયન, જ. ફૈઝલ ફારૂક આટીયા સા.- જો.લાઇબ્રેરીયન તેમજ કમિટી સભ્યો જ.ઇરફાન (મુન્ના) યાકુબ ખાંડીયા સા, જ. રીઝવાન ઇસ્માઇલ કોલા સા., જ. યાકુબ મહમદ ઇશાભાઇ સા.,જ.તોફીક ઇમરાન લુવાવાલા સા. તથા જ.રીઝવાન મહમદ ખાંડીયા સા.ની વરણી થઇ છે. કામો પુરા થતાં પ્રમુખ સા.એ સભાનું વિસર્જન કર્યું હતું.

## આલુંજ

**શાદી મંગણી:-** સાદીયા શબ્બીર ટોપીયા (પટેલ) ની મંગણી મોરીશ્યસ મુકામે, મન્તશા સુલેમાન શહેરીની મંગણી પાલ (સુરત) મુકામે, મલાવી નિવાસી મૌલાના મુહમ્મદઅલી મુસા નોરાતની મંગણી વાંકાનેર મુકામે તથા મલાવી નિવાસી શહેજાદ શૌકત નોરાતની મંગણી ઉમરવાડા મુકામે થઇ છે.

**પરદેશથી આગમન:-** ઇલ્યાસ મુસા નોરાત તથા હાસીમ મુસા નોરાત એમની અહેલીયા શબીહા સાથે પેરીસથી વતનની મુલાકાતે આવ્યા છે.

**હજ મુબારક:-** હાજરા ઇદ્રીસ રંદેરા હજ પઢી વતન પરત આવ્યા છે.

**પરદેશ ગમન:-** ઇદ્રીસ યાકુબ ટોપીયા તથા હુઝૈફા યુનુસ ટોપીયા તબ્લીગ જમાતમાં વેસ્ટઇન્ડિઝ, મુનાફ ઇકબાલ પટેલ તથા હનીફ ઇલ્યાસ જોગીયાત દુબઇ પરત, મુસા ઇબ્રાહીમ નોરાત મલાવી પરત, ઇલ્યાસ યુસુફ ટોપીયા (કરમાલીવાલા) સા.આફ્રીકા તથા

**વહોરા સમાચાર ગ્રાહક જોગ**

**વહોરા સમાચારને લગતા કોઇ પણ કામ માટે નીચે આપેલ મોબાઇલ નંબર ઉપર તેમજ ઇ-મેલ ઉપરસંપર્ક કરી શકો છો.**

**મો.અસલમ વાચ. પટેલ મો.નંબર** 098241 84657

E-mail:-vohrasamachar@yahoo.com,

vohrasamachar@gmail.com

**વહોરા સમાચારમાં લવાજમ મોકલવાનું ઠેકાણું**

**વહોરા સમાચાર,સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે, સુરત - ૩૯૫૦૦૩**

**એકાઉન્ટ નંબર:- ૦૭૪૩૦૨૦૦૦૦૦૧૮૫, બેંક ઓફ બરોડા, સુફીબાગ બ્રાન્ચ, સુરત-૩**

**IFSC CODE :- BARB0SUFIBA**

શબ્બીર મહમદ ટોપીયા એમની અહેલીયા શબીહા સાથે પેરીસની શુભેચ્છા મુલાકાતે ગયા છે.

## ઉમરવાડા

**પરદેશથી આગમન :-** યુસુફ મેહમુદ પટેલ એમની અહેલીયા ફરીદા બહેન સાથે,સાદીક યુસુફ પટેલ એમની અહેલીયા હનીફા તથા ફરજંદો સાથે કેનેડાથી, સલીમ ઇસ્માઇલ પટેલ એમની અહેલીયા તથા ફરજંદો સાથે પેરીસથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન :-** મૌ.સલીમ ઇસ્માઇલ ગંગાત યુ.કે. પરત તથા ઇકબાલ ગુ.હુશેન પટેલ એમની અહેલીયા મરીયમ સાથે કેનેડા ગયા છે.

**ઉમરાહ મુબારક :-** ઇશાક દાવુદ ગંગાત એમની અહેલીયા ફરીદા બહેન સાથે ઉમરાહ કરવા ગયા છે.

**મુબારકબાદ :-** મોહંમદ સાદીક પટેલ કેનેડા ખાતે હાફીઝ થયા છે.

## આંકડોદ

**પરદેશથી આગમન :-** ઉસ્માન મહમદ પટેલ કેનેડાથી તથા ઉસ્માન અહમદ કાઝી (બાવા) સા.આફ્રીકાથી વતનની મુલાકાતે આવ્યા છે.

**પરદેશ ગમન :-** અબુબકર ઇબ્રાહીમ કાઝી એમની અહેલીયા સમીમ સાથે બોટસ્વાના પરત, ઉસ્માન અહમદ કાઝી યુ.કે. પરત,ઝૈનબ ગોરા કાઝી સા.આફ્રિકા, અશરફઅલી ઐયુબ કાઝી એમની અહેલીયા સાથે,ફરહાના અનસ કાઝી (માસ્તર) એમની દુખ્તર સાથે તથા અહમદ સુલેમાન કાઝી ફેમિલી સાથે વતનની મુલાકાત લઇ સા.આફ્રિકા પરત ગયા છે.

## ઇન્તેકાલે પુરમલાલ

- આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના સભ્ય **જનાબ ઇબ્રાહીમ સાજીભાઇ મેમાન સાહબ, મો.માંગરોલ** ના પિતરાઇ ભાઇ વર્ષોથી **ઝીમ્બાબ્વે** ખાતે સ્થાયી **જનાબ મહમદ અહમદ મેમાન સાહબ ઉર્ફે બાબુ મેમાન** નો ૭૩ વર્ષની વયે **લેસ્ટર - યુ.કે.** ખાતે ઇન્તેકાલ થયો છે. (ઇ. લી.) **મર્હુમ બાબુ મેમાન સા. ઝીમ્બાબ્વે**ની આંતર રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના ખેલાડી તરીકે રમી ચૂકયા હતા અને વર્ષો સુધી ઝીમ્બાબ્વેની ક્રિકેટ ટીમના **મેનેજર** પદે રહીને સેવા આપી સમગ્ર વહોરા સમાજનું ગૌરવ વધાર્યુ હતું.
- આપણી સોસાયટીના ઉત્તર વિભાગના જોઇન્ટ સેક્રેટરી **જનાબ આદમ ઇબ્રાહીમ પાંચભાયા સાહબ, દઢાલ** ના પિતરાઇ ભાઇ તેમજ આપણી સંસ્થાના હિતેચ્છુ હમદર્દ **જનાબ ઇબ્રાહીમ ઇસ્માઇલ પાંચભાયા સાહબ**નો **તા.૧૫.૭.૨૦૨૫** ના મંગળવારના રોજ **અંકલેશ્વર** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**
- આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **મૂળ પાનોલી** અને **હાલ કેનેડા** સ્થાયી **જનાબ સોહેલ ફરીદ ગંગાત સાહબ**ના ફરજંદ **સઅદ** નો **તા.૧૭.૭.૨૦૨૫** ના **જુમેરાત**ના રોજ **કેનેડા** ખાતે માર્ગ અકસ્માતમાં દુ:ખદ ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**
- આપણી સોસાયટીના બોર્ડ ઓફ કાઉન્સીલના સભ્ય **જનાબ ઐયુબભાઇ જાંગડા સાહબ, ખરોડ**ના સસરા તેમજ આપણી સોસાયટીના હિતેચ્છુ હમદર્દ **મોહતરમા ફરીદાબહેન મોગરેલ** ના વાલીદ **જનાબ ઇબ્રાહીમ મુસા મોગરેલ સા.** નો **તા. ૨૪-૭-૨૦૨૫** ના જુમેરાતના રોજ **કોસાડી** મુકામે ઇન્તેકાલ થયો છે. **(ઇ. લી.)**

---

**અલ્લાહપાક ઉપરોકત મર્હુમોની બાલ-બાલ મગફીરત ફરમાવી જન્નતુલ ફીરદૌસમાં આલા મુકામ અતા ફરમાવે તેમજ સર્વે કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે. આમીન.**

## રમઝાન - ૨૦૨૫ માં ગામેગામથી સોસાયટીને મળેલી મદદ

ચાલુ વર્ષે રમઝાનુલ મુબારક માસમાં ગામેગામથી સોસાયટીને જે મદદ મળી છે તે બદલ પૈસા ઉઘરાવનારા સાહેબો તથા દામે દિરહમે સુકને મદદ કરનાર તમામ દાતાઓનો અંતઃ કરણ પૂર્વક આભાર માનીએ છીએ. જઝાકુમુલ્લાહ. આ ફાળામાં જેમણે રૂા. ૫૦૦૦/- કે તેથી વધુ રકમની મદદ કરી છે તેમના નામો પ્રસિધ્ધ કરી રહયા છીએ.

| નામ | રકમ | વિગત |
|---|---|---|
| **બારડોલી** | | |
| **હસ્તે:- જ. એડ. ઇમરાન અ.હક વાડીવાલા સા.** | | |
| જ. સાલેહભાઇ ગલીયારા સા. | ૫૦૦૦ | ઝકાત |
| જ. એડ. ઇમરાન અ.હક વડીવાલા સા. | ૫૦૦૦ | ઝકાત |
| **વાંકાનેર** | | |
| **હસ્તે:- જ. અબ્દુલહૈય મહમદજી તરાજીયા સા.** | | |
| જ. યાહયા ઝકરીયા તરાજીયા સા. | ૫૦૦૦ | લીલ્લાહ |

| નામ | રકમ | વિગત |
|---|---|---|
| **દીવા** | | |
| **હસ્તે:- જ. ઇશાક (છોટા) યુસુફ માસ્તર સા.** | | |
| જ. હાસીમ ઇબ્રાહીમ લલવા સા. | ૫૦૦૦ | ઝકાત |
| **ઘોડાદરા** | | |
| **હસ્તે:- જ. હાસીમભાઇ હાંસલોદ સા.** | | |
| જ. મુહમ્મદહનિફ યાકુબ હાંસલોદ સા. | ૫૦૦૦ | ઝકાત |
| હાંસલોદ ફેમિલી | ૨૦૦૦૦ | ઝકાત |

## વહોરા સમાચારના જાહેરાતના નવા દરો

જાન્યુઆરી - ૨૦૨૫ થી વહોરા સમાચાર પેપરનો GST નંબર આવી ગયો છે. જેમાં ચાલુ માસથી વહોરા સમાચાર પેપરની જાહેરાત ઉપર નીચે મુજબના દર લાગુ પડશે જે બાબત તમામ જાહેરાત આપનાર સાહેબોએ ધ્યાનમાં લેવા વિનંતી.

| સાઇઝ | જાહેરાત દર | GST | ટોટલ |
|---|---|---|---|
| આખુ પેજ | રૂા. ૨૦૦૦ | રૂા.૩૬૦ | રૂા. ૨૩૬૦ |
| અડધુ પેજ | રૂા. ૧૨૦૦ | રૂા.૨૧૬ | રૂા. ૧૪૧૬ |
| પા પેજ | રૂા. ૬૦૦ | રૂા.૧૦૮ | રૂા. ૭૦૮ |
| મીનીમમ પેજ | રૂા. ૩૦૦ | રૂા. ૫૪ | રૂા. ૩૫૪ |

**નોંધ:-** વહોરા સમાચારમાં આવતી જાહેરાત કે લેખ સાથે તંત્રી કે સંસ્થા સહમત છે એવું માનવું નહીં.કોઇ પણ સંસ્થાની જાહેરાત લેટરપેડ ઉપર તથા સહી-સિક્કા વાળી હશે તો જ છાપવા અંગે વિચારણા કરવામાં આવશે.

## You Can Make Your Donation To The Following Bank Account

### DONORS FROM ABROAD

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**
**STATE BANK OF INDIA**
**ACCOUNT NO : (FCRA - SAVINGS BANK A/C.) 40159386675**
**BRANCH CODE : 00691**
**BANK SWIFT CODE : SBININBB104**
**BANK ADDRESS : FCRA Cell, 4th Floor, State Bank of India,**
**New Delhi Main Branch -11, Sansad Marg, New Delhi-110001 (INDIA)**

### DONORS FROM INDIA

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**
**UNION BANK OF INDIA**
**ACCOUNT NO : (CURRENT ACCOUNT) 311301010030025**
**IFSC CODE : UBIN0531138**
**BANK ADDRESS : Unapani Road, Station Road Branch, Surat-3, GUJARAT ( INDIA )**

# A.Y.DADABHAI TECHNICAL INSTITUTE (POLYTECHNIC),KOSAMBA

---------------TRUSTED TO DELIVER EXCELLENCE---------------

*Managed by: The Suratee Sunni Vohra Muslim, Education Society, Surat*



## Batch 2022-25

# FAREWELL REPORT

Highlighting achievements, growth, and progress through a comprehensive annual report that reflects our commitment to excellence and transparency

| Prepared By : | *VENUE* | DATE |
|---|---|---|
| MR. M.A. SHEIKH, TRAINING AND PLACEMENT OFFICER, | A.Y. Dadabhai Technical Institute Kosamba , Surat . | 21 JUNE 2025 |

# Farewell Function - Batch 2022-2025

# A.Y. Dadabhai Technical Institute, Kosamba

A.Y. Dadabhai Technical Institute, Kosamba, organized a vibrant farewell program on 21st June 2025 to bid an emotional goodbye to the final year students of the 2022-2025 batch. Around 150 students participated in the event held on the institute campus.





The program began with a prayer followed by a welcome address from Mr. P.J. Surti. Faculty member delivered a heartfelt speech encouraging students to stay connected with the institute. Students shared their memories during the feedback session, adding emotional depth to the event.






Academic achievers were awarded for their outstanding performance in the fifth semester. Director Mr. M.M. Dalchawal inspired students with his motivational words. A creative Shayari session by faculty members added a poetic and fun twist to the program.















The event concluded with a vote of thanks, National Anthem, and fun games like balloon bursting, arm wrestling, and more, followed by a delightful lunch.





The farewell was a perfect blend of emotions, celebration, and inspiration leaving lasting memories for the graduating batch.



## H.S.C. માં સફળ થયેલા પ્રતિભાશાળી તારલાઓ વર્ષ - ૨૦૨૫



મારીયા યુસુફ સીદાત
ગામ: નશીલપોર
૯૦.૫૭ % (સાયન્સ)



સમીહા ઝુબેર મુલ્લા
ગામ: ખરોડ
૮૧.૫૭ % (કોમર્સ)



ઝૈદ ઇબ્રાહીમ નાડત
ગામ: રેઠવાણીયા
૭૮.૬૬ % (કોમર્સ)



લબીબાહ યુસુફ સરીગત
ગામ: દઢાલ
૭૬.૫૭ % (કોમર્સ)



એહલમ જફર મુલ્લા
ગામ: પાનોલી
૭૫.૧૪ % (સાયન્સ)



આમેના યુસુફ લુણત
ગામ: કાંકરીયા
૭૪.૨૮ % (કોમર્સ)



કુલસુમ મોહંમદ જોગીયાત
ગામ: દઢાલ
૭૧.૪૩ % (કોમર્સ)



સઅદ મો.સફીક ચૌહાણ
ગામ: વરેઠી
૬૭.૪૨ % (આર્ટ્સ)



મરીયમ મો.શફી ઉનીયા
ગામ: દઢાલ
૬૩.૭૧ % (કોમર્સ)



હુમૈરા ઝહીરઅબ્બાસ નાનાબાવા
ગામ: દઢાલ
૬૧.૦૦ % (કોમર્સ)

## S.S.C. માં સફળ થયેલા પ્રતિભાશાળી તારલાઓ વર્ષ - ૨૦૨૫



અફીફા મો.આરીફ ભૈયાત
ગામ: કોસંબા, ૯૪.૧૬%



જાસમીન જાબીર ભૈયાત
ગામ: ખરોડ, ૯૧.૧૬%



હનીફા કાસીમ બલેસરીયા
ગામ: નવાપુર, ૯૦.૨૦%



અલ્ફીયા અશરફ સુરતી
ગામ: કોસંબા, ૮૪.૧૬%



નઝીફા મો.રફીક તરકી
ગામ: ભાદી, ૮૩.૫૦%



અમ્માર ઉસ્માન મોતાલા
ગામ: વરેઠી, ૮૦.૧૬%



રૂશદા હનીફ વડીયા
ગામ: સીલુડી, ૭૮.૫૦%



અફીફા મો.હનીફ ગંગાત
ગામ: દીવા, ૭૬.૬૦%



મોહંમદ ઇબ્રાહીમ મોતાલા
ગામ: વરેઠી, ૭૫.૫૦%



વાફીઆ ઐયુબ રાવત
ગામ:નશીલપોર,૭૫.૫૦%



તબસ્સુમ તોસીફ ભુલા
ગામ: મોલધરા, ૭૩.૩૩%



શૌકત સરફરાજ નૌસારકા
ગામ: મોલધરા, ૬૫.૧૬%



સાલીમ સુલેમાન ભોરાત
ગામ: નાનીનરોલી, ૬૫.૧૬%



મઆઝ મો.હનીફ નોરાત
ગામ: આલુંજ, ૬૩.૮૩%

H.S.C. / S.S.C.
માં સારા માર્કસ
મેળવી પાસ થનાર
તમામને દિલી
મુબારકબાદ

Phone No.0091-261-2420097

VOHRA SAMACHAR VALID UP TO 31-12-2026.

Licence No.040 inland 081 For Foreign

RNI No.9372/57"Registerd No.SRT-004/2024 -2026"

2000 Copies Posted at SR RMS at 3rd of Every month

AUGUST - 2025

PUBLISHED ON LAST DATE OF EVERY-MONTH , AT NATRAJ PRINTERS, SURAT

on date of posting 03-08-2025

**વહોરા સમાચાર લવાજમના વાર્ષિક દર નીચે પ્રમાણે છે.**

દેશમાં વાર્ષિક લવાજમ રૂા.૨૦૦, દેશમાં લાઇફ મેમ્બર ફી રૂા.3000, પરદેશમાં વાર્ષિક લવાજમ (બાય એર મેલ) રૂા.૧૩૦૦, પરદેશમાં લાઇફ મેમ્બર ફી રૂા. ૫૦૦૦ (એર ચાર્જ રૂા. ૧૦૦૦ વાર્ષિક ભરવાના રહેશે.), છુટક નકલ કિંમત રૂા.૨૦.૦૦

# A Humble Appeal to Generous Donors




Respected Donors & Well Wishers

Assalamo alaykum v.v.

We express our co-hearted gratitude to our philanthropists donors from all over the world for their generous charities to the Suratee Sunni Vohra Muslim Education Society - SURAT

This is the era of digital techniques where computer and IT related courses are the most demandable so society has decided to start BCA (Bachelor in Computer Application) college in AYDTI campus. Initially the construction of about 8500 Sq. ft. started and total cost of BCA College will be INR 1,30,00,000/- (1.3 Crores)

Our one of the most philanthropist donor from United Kingdom **JANAB MOHAMED KASIM SABAT SAHEB** has given commitment of 50% donation of total cost of project.

So we are requesting to all our well-wishers to donate maximum as possible by you in "Lillah"

The name of proposed Institute will be "SABAT INSTITUTE OF COMPUTER SCIENCE"